RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 164 Dt. 06-01-2026 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# ઈરાનમાં સ્થિતિ બેકાબૂ, ભારતીયો માટે એડવાઈઝરી

## વિરોધ પ્રદર્શનો દરમિયાન ૧૬ના મૃત્યુ : સુપ્રીમ લીડર ખામેની તેમના ૨૦ નજીકના સંબંધીઓ સાથે દેશ છોડવાની તૈયારીમાં



નવીદિલ્હી, તા. ૫

ઈરાનમાં સુપ્રીમ લીડર આયાતુલ્લાહ અલી ખામેની વિરુદ્ધ ચાલી રહેલા વિરોધ પ્રદર્શનો છેલ્લા અઠવાડિયાથી હિંસક બન્યા છે. આ અથડામણોમાં અનેક લોકોના મોત થયાના અહેવાલ છે. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, ભારત સરકારે ઈરાન અંગે તેના નાગરિકો માટે ટ્રાવેલ એડવાઈઝરી જારી કરી છે. સોમવારે, વિદેશ મંત્રાલયે ભારતીય નાગરિકોને આગામી સૂચના સુધી ઈરાનની બિન-જરૂરી મુસાફરી ટાળવાની સલાહ આપી હતી. મંત્રાલયે ઈરાનમાં પહેલાથી જ રહેલા ભારતીય નાગરિકો અને પીઆઈઓને અત્યંત સાવધાની રાખવા, વિરોધ પ્રદર્શનો અથવા ભીડવાળા વિસ્તારો ટાળવા અને સ્થાનિક પરિસ્થિતિઓ પર નજર રાખવા વિનંતી કરી હતી. તેમણે તેમને તેહરાનમાં ભારતીય દૂતાવાસની વેબસાઈટ અને સોશિયલ મીડિયા અપડેટ્સનું નિયમિતપણે નિરીક્ષણ કરવાની પણ સલાહ આપી હતી. નિવાસી વિઝા પર ઈરાનમાં રહેતા ભારતીયોને જો તેઓએ હજુ સુધી નોંધણી કરાવી ન હોય તો દૂતાવાસમાં નોંધણી કરાવવા વિનંતી કરવામાં આવી છે.

માનવાધિકાર સંગઠનોનું કહેવું છે કે ઈરાનમાં છેલ્લા અઠવાડિયામાં થયેલા વિરોધ પ્રદર્શનો દરમિયાન ઓછામાં ઓછા ૧૬ લોકો મૃત્યુ પામ્યા છે. વધતી જતી મોંઘવારી સામે શરૂ થયેલા આ વિરોધ પ્રદર્શનો હવે ઘણા પ્રાંતોમાં ફેલાઈ ગયા છે. વિરોધીઓ અને સુરક્ષા દળો વચ્ચે હિંસક અથડામણો ફાટી નીકળી છે. રાજ્ય મીડિયા અને અધિકાર જૂથો મૃત્યુ અને ધરપકડ અંગે વિવિધ આંકડાઓ જણાવી રહ્યા છે, જેની સ્વતંત્ર રીતે ચકાસણી હજુ સુધી થઈ નથી. અહેવાલો સૂચવે છે કે આ ત્રણ વર્ષમાં ઈરાનમાં થયેલા સૌથી મોટા વિરોધ પ્રદર્શનો છે. આ અસ્થિરતા એવા સમયે આવી છે જ્યારે ઈરાનની અર્થવ્યવસ્થા ગંભીર સંકટમાં છે અને આંતરરાષ્ટ્રીય દબાણ વધી રહ્યું છે. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, ભારત સરકારે તેના નાગરિકોની સુરક્ષાને પ્રાથમિકતા આપતા આ સલાહકાર જારી કર્યો છે.

ઈરાન હાલમાં ઊંડા રાજકીય અને સામાજિક સંકટમાંથી પસાર થઈ રહ્યું છે. તાજેતરના એક આંતરરાષ્ટ્રીય મીડિયા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ઈરાનના સર્વોચ્ચ નેતા, આયાતુલ્લાહ અલી ખામેની (૮૬), વધતા વિરોધ વચ્ચે તેમના ૨૦ નજીકના સંબંધીઓ સાથે દેશ છોડવાની તૈયારી કરી રહ્યા છે. અહેવાલ મુજબ, જો સુરક્ષા દળો અથવા સેના સરકારી આદેશોનું પાલન કરવાનો ઇનકાર કરે તો આ પગલું લેવામાં આવશે. એવું અહેવાલ હતું કે ખામેની પાસે વિદેશમાં સંપત્તિ અને સંસાધનો છે, અને તેમનું સંભવિત સ્થળ રશિયાની રાજધાની મોસ્કો હોઈ શકે છે.

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ચેતવણીઓ વચ્ચે, ઈરાનના ન્યાયતંત્રના વડા ગુલામહોસેન મોહસેની એજે'ઈએ સોમવારે કહ્યું હતું કે તેઓ ''તોફાનીઓ પ્રત્યે કોઈ ઉદારતા બતાવશે નહીં,'''જોકે તેમણે શાંતિપૂર્ણ વિરોધ કરવાના જનતાના અધિકારને સ્વીકાર્યો. ન્યાયતંત્રની મિઝાન ન્યૂઝ એજન્સી અનુસાર, એજે'ઇએ કહ્યું, ''હું દેશભરના એટર્ની જનરલ અને ફરિયાદીઓને સૂચના આપું છું કે તેઓ તોફાનીઓ અને તેમના સમર્થકો સામે કાયદા અનુસાર કડક કાર્યવાહી કરે... અને કોઈ પણ પ્રકારની ઉદારતા કે ઉદારતા ન બતાવે.'' તેમણે વધુમાં કહ્યું કે ઈરાન વિરોધીઓને સાંભળે છે અને તેમની ટીકાઓની નોંધ લે છે, અને શાંતિપૂર્ણ વિરોધીઓ અને તોફાનીઓ વચ્ચે ભેદ પાડે છે.

## બંને દેશો વચ્ચે મિત્રતા બનશે ગાઢ : ૫૦ દિવસમાં વિઝા થશે ઇસ્યુ

# ભારતની ચીની વ્યવસાયો માટે બિઝનેસ વિઝા શરૂ




નવીદિલ્હી, તા. ૫

ભારતે ઉત્પાદન અને રોકાણને પ્રોત્સાહન આપવા માટે એક નવો ઈ-પ્રોડક્શન ઇન્વેસ્ટમેન્ટ બિઝનેસ વિઝા શરૂ કર્યો છે. તેને ''e-B4'' વિઝા કહેવામાં આવે છે. ચીની વ્યવસાયો ચોક્કસ વ્યવસાયિક પ્રવૃત્તિઓ માટે તેના માટે અરજી કરી શકે છે. ભારતીય દૂતાવાસની વેબસાઈટ પર જારી કરાયેલ એક સલાહકારમાં જણાવાયું છે કે e-B4 વિઝા, જે ૧ જાન્યુઆરી, ૨૦૨૬ થી માન્ય રહેશે, તે દૂતાવાસ અથવા એજન્ટોની મુલાકાત લીધા વિના ઑનલાઇન અરજી કરી શકાય છે. ભારતમાં વ્યવસાયિક મુસાફરી માટે વિઝાની વધતી માંગના પ્રતિભાવમાં આ નવો વિઝા રજૂ કરવામાં આવ્યો છે. આ વિઝા આશરે ૪૫ થી ૫૦ દિવસમાં જારી કરવામાં આવશે અને ભારતમાં છ મહિના સુધી રહેવાની મંજૂરી આપશે.

આ વિઝા આશરે ૪૫ થી ૫૦ દિવસમાં જારી કરવામાં આવશે અને ભારતમાં છ મહિના સુધી રહેવાની મંજૂરી આપશે. આ વિઝા ઈન્સ્ટોલેશન અને કમિશનિંગ, ગુણવત્તા તપાસ અને જરૂરી જાળવણી, ઉત્પાદન, IT અને ERP રેમ્પ-અપ, તાલીમ અને વિક્રેતા નોંધણીમાં વરિષ્ઠ મેનેજમેન્ટ અને એક્ઝિક્યુટિવ હોદ્દાઓ માટે લાગુ પડે છે. શાંઘાઈમાં ભારતીય કોન્સ્યુલ જનરલ પ્રતીક માથુરે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા ભારતમાં ઐતિહાસિક ભવ્ય પ્રદર્શન 'લાઈટ એન્ડ ધ લોટસઃ રેલીક્સ ઓફ અવેકન્ડ' ના ઉદઘાટન પ્રસંગે પ્રાચીન ચીનના શહેર સુઝોઉમાં ટાઈગર હિલ પેગોડાની મુલાકાત લીધી હતી. મોદીએ શનિવારે દિલ્હીમાં બુદ્ધ સંબંધિત પવિત્ર પ્રાચીન વસ્તુઓના પ્રદર્શનનું ઉદઘાટન કર્યું હતું અને ભાર મૂક્યો હતો કે આ ફક્ત કલાકૃતિઓ જ નથી પરંતુ ભારતના આદરણીય વારસાનો અભિન્ન ભાગ છે.

# બાંગ્લાદેશમાં વધુ એક હિન્દુની હત્યા

## ૪૫ વર્ષીય રાણા પ્રતાપની ગોળી મારી હત્યા : ૧૮ દિવસમાં ૪ મર્ડર





નવીદિલ્હી, તા. ૫

બાંગ્લાદેશમાં વધુ એક હિન્દુ વ્યક્તિની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે. અહેવાલો દર્શાવે છે કે તેના માથામાં ગોળી વાગી હતી. ત્રણ અઠવાડિયામાં બાંગ્લાદેશમાં હિન્દુઓ પર આ પાંચમો હુમલો છે. આ ઘટના જશોર જિલ્લામાં બની હતી અને આ વિસ્તારમાં તણાવ ખૂબ જ છે. અહેવાલો અનુસાર, આ ઘટના સાંજે ૫:૪૫ વાગ્યે મણિરામપુર ઉપ-જિલ્લાના કોપાલિયા બજારના વોર્ડ નંબર ૭ માં બની હતી. નોંધનીય છે કે આજે બાંગ્લાદેશમાં એક હિન્દુ વિધવા પર પણ ક્રૂર હુમલો કરવામાં આવ્યો હતો. મૃતક વ્યક્તિની ઓળખ ૪૫ વર્ષીય રાણા પ્રતાપ તરીકે થઈ છે. તેના પિતાનું નામ તુષાર કાંતિ બૈરાગી છે. તે કેશવપુર ઉપ-જિલ્લાના અરુઆ ગામના રહેવાસી હતા. પ્રત્યક્ષદર્શીઓ અને પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, અજાણ્યા હુમલાખોરોએ રાણા પ્રતાપ પર બજારમાં બેઠેલા સમયે ગોળીબાર કર્યો હતો. રાણાને અનેક ગોળીઓ વાગી હતી અને તેનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. કેટલાક અહેવાલો દાવો કરે છે કે તે પત્રકાર પણ હતો.

એ નોંધનીય છે કે બાંગ્લાદેશમાં તણાવ વચ્ચે હિન્દુઓ પર હુમલાના અનેક બનાવો બન્યા છે. પહેલો હુમલો દીપુ ચંદ્ર દાસ પર થયો હતો, જેમને કાપડ ફેક્ટરીમાં માર મારીને મારી નાખવામાં આવ્યો હતો. અન્ય એક હિન્દુ યુવાન, અમૃત મંડલનું પણ મોત થયું હતું. મૈમનસિંહ જિલ્લામાં, એક હિન્દુ યુવાન, બ્રિજેન્દ્ર બિશ્વાસને ગોળી મારી દેવામાં આવી હતી. ખોકન દાસનું પણ ટોળાના હુમલામાં મોત થયું હતું.

શરિયતપુર જિલ્લામાં પેટ્રોલ છાંટીને જીવતા સળગાવી દેવાયેલા હિન્દુ દુકાનદાર ખોખન દાસ આખરે જિંદગીની જંગ હારી ગયા છે. બે દિવસ સુધી ઢાકા મેડિકલ કોલેજ હોસ્પિટલમાં સારવાર લીધા બાદ ૨ જાન્યુઆરીએ તેમનું મૃત્યુ થયું હતું. મળતી માહિતી અનુસાર, ૫૦ વર્ષીય ખોખન દાસ ૩૧ ડિસેમ્બરની રાત્રે પોતાની દવાની દુકાન અને મોબાઈલ બેંકિંગનો નાનો વ્યવસાય બંધ કરીને ઘરે પરત ફરી રહ્યા હતા. ત્યારે જ એક હિંસક ટોળાએ તેમને રસ્તામાં ઘેરી લીધા. પહેલા તેમના પેટના નીચેના ભાગમાં છરી વડે હુમલો કરવામાં આવ્યો અને પછી માથા પર પ્રહાર કરાયો. આ પહેલા ૨૪ ડિસેમ્બરે ૨૯ વર્ષીય અમૃત મંડલને કથિત રીતે ટોળાએ માર મારીને હત્યા કરી નાખી હતી. જ્યારે ૧૮ ડિસેમ્બરે ૨૫ વર્ષીય દીપુ ચંદ્ર દાસ પર ઈશનિંદાનો ખોટો આરોપ લગાવીને ફેક્ટરીની અંદર જ ટોળાએ તેની હત્યા કરી, તેના મૃતદેહને ઝાડ પર લટકાવીને આગ લગાવી દીધી હતી.

# પૂર્વ કલેક્ટર રાજેન્દ્ર પટેલ સામે SITની રચના

## રાજકોટના એસીબીના મદદનીશ નિયામક કે.એચ.ગોહિલનો ટીમમાં સમાવેશ : નાયબ મામલતદાર સહિત ૪ લોકો સામે એસીબીમાં તપાસ

રાજકોટ, તા. ૫

સુરેન્દ્રનગરના પૂર્વ કલેક્ટર રાજેન્દ્ર પટેલ સામે તપાસ માટે SIT ની રચના કરવામાં આવી છે. એસીબીએ અધિક નિયામક બિપિન આહિરની અધ્યક્ષતામાં ૭ સભ્યોની SIT ની રચના કરી છે. અમદાવાદમાં એસીબીના નાયબ નિયામક બી.જે. પંડ્યાનો SIT માં સમાવેશ થયો છે. રાજકોટના એસીબીના મદદનીશ નિયામક કે.એચ.ગોહિલનો એસઆઈટીમાં સમાવેશ , અમદાવાદ એસીબીના મદદનીશ નિયામક આર.બી.દેસાઈનો એસઆઈટીમાં સમાવેશ, અમદાવાદ શહેર એસીબીના પીઆઈ ડી.એન.પટેલ અને સુરેન્દ્રનગર એસીબીના પીઆઈ એમ.ડી.પટેલનો એસઆઈટીમાં સમાવેશ કર્યો છે. મોરબી એસીબીના પીઆઈ પી.એ.દેકાવાડિયાનો પણ એસઆઈટીમાં સમાવેશ કરાયો છે. પૂર્વ કલેક્ટર રાજેન્દ્ર પટેલ અને નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરી સહિત ૪ લોકો સામે એસીબીમાં તપાસ કરી રહી છે.





### SITની રચના

**સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમમાં નીચેના અધિકારીઓનો સમાવેશ થાય છે, જેઓ અઈઈ ના ડિરેક્ટર અને અધિક ડિરેક્ટરની દેખરેખ હેઠળ કામ કરશેઃ**

બી.જે. પંડ્યા, નાયબ નિયામક (વહીવટ), અઈઈ અમદાવાદ – સભ્ય

કે.એચ. ગોહિલ, આસિસ્ટન્ટ ડિરેક્ટર ઈન ઈન્ચાર્જ, રાજકોટ અઈઈ યુનિટ – સભ્ય

આર.બી. દેસાઇ, આસિસ્ટન્ટ ડિરેક્ટર, અઈઈ હેડક્વાર્ટર, અમદાવાદ – સભ્ય

ડી.એન. પટેલ, પોલીસ ઇન્સ્પેક્ટર, અમદાવાદ શહેર અઈઈ પોલીસ સ્ટેશન – સભ્ય

એમ.ડી. પટેલ, પોલીસ ઇન્સ્પેક્ટર, સુરેન્દ્રનગર અઈઈ પોલીસ સ્ટેશન – સભ્ય

પી.એ. દેકાવડિયા, પોલીસ ઇન્સ્પેક્ટર, મોરબી અઈઈ પોલીસ સ્ટેશન – સભ્ય

રાજકોટ-સૌરાષ્ટ્રમાં મકરસંક્રાંતની ભવ્ય ઉજવણી માટે ઉત્સાહ ચરમસીમાએ

# રાજકોટના ગગનમાં જમાવટ કરશે ફૂદી, પાવલો, અડધીયોને પોણીયો!

## કાઈ પો છે!'ના નાદ વચ્ચે આકાશમાં રંગબેરંગી પતંગો, ઘરોમાં તલ-ચીકીની સુગંધ અને લોકઉત્સવથી ગુંજશે સૌરાષ્ટ્ર : પતંગોત્સવ, તલ-ચીકી અને લોકઉત્સવ સાથે મકરસંક્રાંતની ભવ્ય ઉજવણી માટે સૌરાષ્ટ્ર તૈયાર

રાજકોટ, તા.૫

રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં મકરસંક્રાંત પર્વની ઉજવણી માટેનો ઉત્સાહ દિવસ પ્રતિદિન વધી રહ્યો છે. પતંગોત્સવને લઈ બજારોમાં ભારે ચહલપહલ જોવા મળી રહી છે, બાળકો, યુવાનો અને પરિવારજનોમાં તહેવારને લઈ ખાસ ઉમંગ અને ઉત્સાહ જોવા મળી રહ્યો છે. મકરસંક્રાંતના પાવન પર્વે સૌરાષ્ટ્રના આકાશમાં રંગબેરંગી પતંગો છવાઈ જશે. વહેલી સવારથી જ છતોથી કાઈ પો છેના નાદ સાથે પતંગબાજી શરૂ થશે. રાજકોટ શહેર ઉપરાંત જામનગર, જુનાગઢ, ભાવનગર, મોરબી, અમરેલી સહિતના વિસ્તારોમાં પણ પતંગોત્સવને લઈ વિશેષ તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે.

મકરસંક્રાંત તહેવારના ભાગરૂપે ઘરોમાં તલની વાનગીઓ, ચીકી, ઉંધિયું, જલેબી સહિતના પરંપરાગત વ્યંજન બનાવવાના આયોજનોમાં પરિવારજનો મશગુલ બની ગયા છે. સાથે સાથે સગા-સંબંધીઓ અને મિત્રો સાથે ભોજન અને મિલાપની પરંપરા પણ નિભાવનાર હોવાનું સાંભળવા મળ્યું છે. પતંગ બજારોમાં વિવિધ ડિઝાઇનની પતંગો, ફિરકી અને દોરાની ખરીદી માટે મોટી સંખ્યામાં લોકો ઉમટી રહ્યા છે. વેપારીઓના કહેવા અનુસાર આ વર્ષે પતંગ વ્યવસાયમાં સારો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

મકરસંક્રાંત માત્ર પતંગોત્સવ નહીં પરંતુ એક લોકઉત્સવ ગણાય છે, જે સૌરાષ્ટ્રની સંસ્કૃતિ, એકતા અને આનંદને છતો કરે છે. લોકો સુરક્ષાનું પણ ખાસ ધ્યાન રાખી ઉજવણી કરે તેવી મનપા, પોલીસ સહિતના સરકારી તંત્રો દ્વારા અપીલ કરવામાં આવી છે. સમગ્ર સૌરાષ્ટ્રમાં મકરસંક્રાંતની ભવ્ય ઉજવણી માટે માહોલ સંપૂર્ણપણે તૈયાર થઈ ગયો હોવાનું જોવા અને સાંભળવા મળી રહ્યું છે. વર્ષભરની વ્યસ્તતા બાદ પરિવારજનો એકસાથે છત પર ભેગા થઈ પતંગ ચગાવે છે, મીઠાઈ વહેંચે છે અને ખુશીના પળો માણે છે. પતંગ, ફિરકી અને દોરાની ખરીદીથી લઈ તલ-ચીકી બનાવવાની પરંપરા સુધી, દરેક ઘરમાં ઉત્સવનો માહોલ જોવા મળે છે. મકરસંક્રાંત તહેવાર સૌરાષ્ટ્રની સંસ્કૃતિ, એકતા અને આનંદને જીવંત રાખે છે. મકરસંક્રાંતના દિવસે આકાશ જેટલું રંગીન હશે, એટલા જ લોકોના ચહેરા પણ ખુશીઓથી ઝળહળશે તેમાં શંકાને સ્થાન નથી. પતંગોત્સવતો ભારત સહિત વિદેશમાં પણ ઉજવાય છે. કેવી રીતે અને ક્યા પતંગોત્સવનું મહત્વ છે તે અંગે પણ ''રાજકોટ મિરર''ના વાચકો માટે અહી માહિતી પ્રસ્તુત કરાઈ છે.

સામાન્ય રીતે પતંગ તો અત્યાર સુધી અબાલ-વૃદ્ધ સૌ ઉડાડતા આવ્યા છે પણ સ્વાભાવિક રીતે એવો પણ થયા કરતો હોય છે કે કેટલા પ્રકારની પતંગ બનતી હશે ? શું આવી પતંગોના કોઈ નામ હોય ? તે અંગે પણ એવી વિગતો મળી છે કે, પતંગના તેના આકાર, બનાવટ અને ઉપયોગ મુજબ અનેક પ્રકારો છે. સામાન્ય રીતે જાણવા મળતા, ઉપયોગમાં લેવાતી કે વપરાતી પતંગો વિષે જોઈએ તો સૌરાષ્ટ્ર ગુજરાતમાં પતંગના કદ મુજબના નામો અપાયા છે. તેમાં સૌથી નાની પતંગને ''ફૂદી'' તરીકે ઓળખાય છે. બહુ નાની અને બહુ મોટી પણ નહિ એવી પતંગને ''પાવલો'' તરીકે ઓળખાય છે. મધ્યમ કદની પતંગને ''અડધીયો''કહેવાય છે, મોટી પતંગને ''પોણિયો''અને સૌથી મોટા પતંગને ''આખીયો''તરીકે ઓળખાય છે. તેવીજ રીતે ચોરસ આકારનો સૌથી સામાન્ય પતંગ ડાયમંડ કાઈટ તરીકે, ત્રિ-પરિમાણીય (૩ડી) પેટી જેવો આકારના પતંગને બોક્સ કાઈટ તરીકે ઓળખાય છે. પક્ષી જેવા દેખાતા ત્રિકોણાકાર પતંગને ડેલ્ટા કાઈટ, લાકડી (કમાન) ના હોય અને પેરાશૂટ જેવા દેખાતા પતંગને પેરાફોઈલ તરીકે ઓળખાય છે. જેની પાછળ લાંબી પૂંછડી હોય છે અને દેખાવમાં ડ્રેગન જેવો લાગે તેને ડ્રેગન કાઈટ નામ અપાયું છે. જયારે જાપાનીઝ ષટ્કોણ આકારનો પતંગ અને જે પતંગ યુદ્ધ માટે પ્રખ્યાત ગણાય છે તેને પતંગ રસિયાઓ રોક્કાકુ તરીકે ઓળખાવે છે.

પતંગની બનાવટ પણ અનેરી સંભાળવા મળી છે. જેમાં ચારે બાજુએ મજબૂતી માટે દોરી લગાડેલી હોય તેવો દોરીદાર, પતંગની વચ્ચે ગોળ ચાંદો (ડિઝાઇન) હોય તેવો ચાંદરદાર અને જેમાં વાંસની સળીઓનો ઉપયોગ થાય છે. તેને ઢઠ્ઠા-કમાનવાળો પતંગ કહેવાય છે.

### આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ-પ્રદર્શન

ગુજરાતમાં આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ મોટા પાયે ઉજવવામાં આવે છે. ખાસ કરીને અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ, પતંગોત્સવનું મુખ્ય કેન્દ્ર મનાય છે. અહીં વિશ્વભરના પતંગબાજો પોતાના અનોખા પતંગો પ્રદર્શિત કરવા આવે છે. એ સિવાય અહીં પતંગ પ્રદર્શન, હસ્તકલાના સ્ટોલ્સ, ગુજરાતી ભોજન અને સાંસ્કૃતિક કાર્યક્રમોની મજા માણી શકાય છે. સામાન્ય રીતે ૮ થી ૧૪ જાન્યુઆરી દરમિયાન અહી પતંગોત્સવ માણી શકાતો હોવાનું જાણકારો કહે છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી, કેવડિયામાં છેલ્લા કેટલાક વર્ષોથી વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા પાસે પણ પતંગોત્સવનું આયોજન કરવામાં આવે છે. પર્વતોની વચ્ચે પતંગ ચગાવવાનો અનુભવ અદભૂત હોય છે. સફેદ રણ, કચ્છ (ધોરડો)માં કચ્છના સફેદ રણમાં જ્યારે રંગબેરંગી પતંગો આકાશમાં ચગે છે, ત્યારે દ્રશ્ય જોવા જેવું હોય છે. જો પ્રવાસનું આયોજન થાય તો આ શ્રેષ્ઠ સ્થળ હોવાનું કહેવાય છે. અન્ય શહેરો જોઈએ તો અમદાવાદ ઉપરાંત ગુજરાતના અન્ય મોટા શહેરોમાં પણ આંતરરાષ્ટ્રીય પતંગબાજો દ્વારા પ્રદર્શન યોજાય છે. જેમાં સુરતમાં તાપી નદીના કિનારે, વડોદરામાં નવલખી મેદાન અથવા સરકારી મેદાનોમાં તેમજ રાજકોટ અને જામનગર પણ સ્થાનિક લેવલે મોટા આયોજનો થાય છે.



**પતંગનો ઈતિહાસ ઘણો જૂનો અને રસપ્રદ છે. વિશ્વભરમાં અનેક દેશોમાં વિવિધ સમયે પતંગોત્સવ ઉજવાય છે**

### વિશ્વના મુખ્ય પતંગોત્સવો અને સમય પર નજર કરવા જેવી છે

| દેશ | પતંગોત્સવનું નામ | સમય |
|---|---|---|
| ભારત (ગુજરાત) | આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ (ઉત્તરાયણ) | ૧૪ જાન્યુઆરી (મકર સંક્રાંતિ) |
| ચીન (વેઈફાંગ) | વેઈફાંગ ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટિવલ | એપ્રિલ મહિનો |
| ઈન્ડોનેશિયા (બાલી) | બાલી કાઈટ ફેસ્ટિવલ | જુલાઈ – ઓગસ્ટ |
| ફ્રાન્સ (બર્ક-સુર-મેર) | ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટિવલે | એપ્રિલ મહિનો |
| થાઈલેન્ડ | થાઈલેન્ડ ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટિવલ | માર્ચ મહિનો |
| અમેરિકા (વોશિંગ્ટન) | બ્લોસમ કાઈટ ફેસ્ટિવલ | માર્ચ અથવા એપ્રિલ |
| જાપાન (હામામાત્સુ) | જાયન્ટ કાઈટ ફેસ્ટિવલ | મે મહિનો |
| ઓસ્ટ્રેલિયા (સિડની) | ફેસ્ટિવલ ઓફ ધ વિન્ડ્સ | સપ્ટેમ્બર મહિનો |

### ભારતમાં પતંગની કિંમત

ભારતમાં ખાસ કરીને ગુજરાતમાં પતંગો 'કોડી' (૨૦ નંગ) ના ભાવે અથવા છૂટક વેચાય છે. સામાન્ય પેપર પતંગ (ફાઈટર કાઈટ) જુદી જુદી સાઈઝની પતંગની મળેલી કિંમતોમાં નાના પતંગ (ફુદ્દી/પાવલો) ૨ થી ૫ રૂપિયામાં પ્રતિ નંગ મળે છે. મધ્યમ પતંગ (અડધિયો/પોણિયો) રૂ.૧૦થી ૧૫ પ્રતિ નંગ, સારી ગુણવત્તાના પતંગ (ખંભાતી/અમદાવાદી): ૨૦ થી ૫૦ રૂપિયા પ્રતિ નંગ. કોડીનો ભાવ (૨૦ પતંગ) સાધારણ પતંગ માટે ૧૫૦ થી ૩૫૦ બોલાછે જ્યારે પ્રીમિયમ ક્વોલિટી માટે ૪૦૦થી ૮૦૦ ૧૦૦૦ રૂપિયા સુધી ભાવ બોલાતા હોય છે. ફેન્સી અને મોટા પતંગમાં પ્લાસ્ટિક/ડિઝાઈનર પતંગ ૧૦ થી ૧૦૦ સુધીના ભાવ સંભળાય છે. ૩-ડી અને વિશાળ પતંગ: ૫૦૦ થી ૨,૦૦૦ સુધીના પતંગ ખરીદવા રસિયા પીછેહટ કરતા નથી.

### વિદેશમાં પતંગની કિંમત

વિદેશમાં (USA, UK, કેનેડા, યુરોપ) પતંગો મોટે ભાગે 'સ્પોર્ટ્સ' અથવા 'હોબી' તરીકે વેચાય છે, તેથી ત્યાં કિંમતો ઘણી વધારે હોય છે. જેમાં બજેટ પતંગ ૧ થી ૫ ડોલરમાં (આશરે ૮૦ થી ૪૦૦ રૂપિયા). આવા પતંગ સામાન્ય રીતે કાગળના અથવા એકવાર વાપરી શકાય તેવા પ્લાસ્ટિકના હોય છે. મિડ-રેન્જમાં ૧૦ થી ૩૦ ડોલર (આશરે ૮૦૦ થી ૨,૫૦૦ રૂપિયા). આટલી કિમતના પતંગો નાયલોન અથવા સિન્થેટીક કાપડના બનેલા હોય છે અને લાંબો સમય ચાલતા હોવાનું જાણકારો કહે છે. જ્યારે પ્રીમિયમ સ્પોર્ટ્સ કાઈટના ૫૦ થી ૨૫૦ ડોલરથી વધુ એટલેક એટલે કે આશરે ૪,૦૦૦ થી ૨૦,૦૦૦થી વધુ બોલાતા હોય છે. આમાં પેરાફોઈલ, ડેલ્ટા અને સ્ટંટ કાઈટ્સનો સમાવેશ થાય છે જે પ્રોફેશનલ પતંગબાજો વાપરતા હોવાનું જાણકારો કહે છે.

### રાજકોટમાં પતંગનો વાર્ષિક કારોબાર

રાજકોટના મુખ્ય પતંગ-માંજા બજારો અંગે વિગતો જોઈએ તો પરા બજાર રાજકોટનું આ સૌથી જૂનું અને મુખ્ય હોલસેલ બજાર ગણાય છે. ઉત્તરાયણના સમયે અહીં પતંગોનો આખો મેળો ભરાય છે. અહીંથી તમે કોડીના ભાવે પતંગોની ખરીદી કરી શકો છો. ધર્મેન્દ્ર રોડ વિસ્તાર પણ પતંગોના વેપાર માટે ખૂબ જાણીતો છે. અહીં માંજો (દોરી) પાયા કરવાના અને પતંગના હોલસેલ વેપારીઓ મોટી સંખ્યામાં બેસે છે. ગુંદાવાડીમાં ખાસ કરીને પતંગની એસેસરીઝ, ફેન્સી પતંગો અને બાળકો માટેના નાના પતંગો માટે ગુંડાવાડી વિસ્તાર સારો વિકલ્પ ગણાવાય છે. રાજકોટ સૌરાષ્ટ્રનું સૌથી મોટું આર્થિક કેન્દ્ર હોવાથી અહીં પતંગનો વ્યવસાય ઘણો મોટો છે. માત્ર રાજકોટ શહેરમાં જ પતંગ, માંજા (દોરી) અને તેને લગતી એસેસરીઝનો વાર્ષિક કારોબાર આશરે ૨૦ થી ૨૫ કરોડની આસપાસ હોવાનો અંદાજ મનાય છે. ઉત્તરાયણના ૧૦-૧૫ દિવસ દરમિયાન જ આ આંકડો વધી જાય છે. રાજકોટ આખા સૌરાષ્ટ્ર માટે 'હોલસેલ હબ' હોવાથી જામનગર, મોરબી, અમરેલી અને જૂનાગઢના નાના વેપારીઓ પણ અહીંથી જ માલ લઈ જાય છે.

### ગુજરાતમાં આજીવિકાનું માધ્યમ બનતો પતંગ ઉદ્યોગ

ગુજરાતમાં પતંગ ઉદ્યોગ માત્ર મનોરંજન જ નહીં, પરંતુ હજારો પરિવારો માટે આજીવિકાનું એક મોટું માધ્યમ ગણાયછે. છેલ્લા કેટલાક વર્ષોમાં આ વ્યવસાયે મોટી આર્થિક ઊંચાઈઓ પ્રાપ્ત કરી હોવાનું મનાય છે. ગુજરાતનો કુલ પતંગ કારોબાર જોઈએ તો સમગ્ર ગુજરાતમાં પતંગ અને દોરી (માંજો) નો વાર્ષિક કારોબાર આશરે ૬૨૫ થી ૬૫૦ કરોડ જેટલો થાય છે. બે દાયકા પહેલા આ ઉદ્યોગ માત્ર ૮-૧૦ કરોડનો હતો, જે આજે આ સ્તરે પહોંચ્યો હોવાનો અંદાજ વ્યક્ત કરાય છે. ગુજરાતના કુલ પતંગ ઉત્પાદનમાં અમદાવાદ અને સુરતનો હિસ્સો સૌથી મોટો છે. અમદાવાદ આ ઉદ્યોગનું મુખ્ય કેન્દ્ર છે, જ્યાં વર્ષના ૯ મહિના હજારો કારીગરો પતંગ બનાવે છે. અહીંનો કારોબાર કરોડોમાં છે અને અહીંથી પતંગો વિદેશમાં (USA, કેનેડા) પણ એક્સપોર્ટ થાય છે. રાજકોટ સૌરાષ્ટ્રનું મુખ્ય હબ છે. અહીં પતંગના ઉત્પાદન કરતા રિટેલ અને હોલસેલ વેચાણનો કારોબાર વધુ મોટો છે. આસપાસના ગામડાઓ અને નાના શહેરો માટે રાજકોટ મુખ્ય સપ્લાય સેન્ટર ગણાય છે. જામનગરમાં પતંગની સાથે-સાથે તેની એસેસરીઝ અને માંજો (દોરી) રંગવાના કામનો મોટો વ્યવસાય છે. અહીં સ્થાનિક સ્તરે પતંગ બજાર ખૂબ જ સક્રિય હોય દેખાય છે. પતંગ બનાવવામાં ખંભાતનું નામ વિશ્વપ્રખ્યાત છે. માત્ર ખંભાત શહેરનો જ પતંગ બનાવવાનો કારોબાર આશરે ૫૦ કરોડની આસપાસ છે.

### પતંગ વ્યવસાયની ખાસિયતો

પતંગ ઉદ્યોગ લગભગ ૧.૩૦ લાખથી વધુ લોકોને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે રોજગારી પૂરી પાડે છે. આ વ્યવસાયમાં આશરે ૭૦ ટકા જેટલી મહિલાઓ ઘરે બેઠા પતંગ બનાવવાનું કામ કરે છે. પતંગ બનાવવાની કામગીરી દિવાળી પછી વેગ પકડે છે, પરંતુ મોટા કારીગરો ચોમાસા સિવાય આખું વર્ષ આ કામ કરતા હોવાનું જાણકારોનું કહેવું છે. પતંગની સાથે તલ-સાંકળી, ચીકી અને ઊંધિયું-જલેબીનો વ્યવસાય પણ ઉત્તરાયણ દરમિયાન કરોડોનો કારોબાર કરે છે. પતંગની કિંમતો તેના પ્રકાર, બનાવટ (મટીરીયલ) અને કદ પર આધાર રાખે છે. ૨૦૨૬ના વર્તમાન બજારના અંદાજ મુજબ ભારત અને વિદેશમાં પતંગના ભાવ અંદાજાય રહ્યા છે.



# વાઈબ્રન્ટ કોન્ફરન્સ અંતર્ગત રાજકોટની કાયાપલટ

## મુખ્ય માર્ગો ચિત્રોથી સુશોભિતઃ વડાપ્રધાનને આવકારતા અનેક ચિત્રો બનાવ્યા

રાજકોટ, તા. ૫

૧૧મીથી યોજાનારી વાઈબ્રન્ટ કોન્ફરન્સની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. ત્યારે એક સમાચાર એવા પણ સામે આવ્યા છે કે વડાપ્રધાનનો રોડ-શો કેન્સલ થયો છે. હાલ મળતી માહિતી મુજબ આ કોન્ફરન્સમાં ભારત સિવાયના ૨૩ દેશના પ્રતિનિધિઓ પણ વાઈબ્રન્ટ સમિટમાં ભાગ લેનાર હોય, વિદેશીઓમાં રાજકોટની છાપ ખરડાય નહીં તેમજ વડાપ્રધાનની નજરે ગંધારૂ ગોબરું રાજકોટ ચડી જાય નહીં તે માટે એરપોર્ટથી માંડી વાઈબ્રન્ટ સમિટના સ્થળ મારવાડી યુનિવર્સિટી સુધી તેમજ શહેરના જે વિસ્તારોમાં વિદેશી ડેલિગેસ્ટ હરવા ફરવા નીકળે તેમ છે તે તમામ વિસ્તારોમાં અત્યાર સુધી જોવા મળી ન હોય તેવી સાફ સફાઈ અને રંગરોગાન જોવા મળી રહ્યાં છે.

શહેરના તમામ ઓવરબ્રીજ સુંદર ચિત્રનગરીમાં ફેરવાઈ ગયા છે તો રસ્તા અને ફુટપાથો ચકાચક થઈ ગયા છે. વડાપ્રધાનના રૂટ પરથી સ્પીડ બ્રેકર્સ પણ ગાયબ કરી દેવામાં આવ્યા છે તેમજ વૃક્ષોની પણ આકર્ષક ડિઝાઈનથી રંગી નાખવામાં આવ્યા છે. વડાપ્રધાનના રૂટ ઉપર આવેલા ખાનગી મકાનો-દુકાનોને પણ સરકારી ખર્ચે એક સરખા કલરથી રંગી આકર્ષક લુક આપી દેવામાં આવ્યો છે.

મહેમાનો અને વડાપ્રધાન રાજકોટ આવે ત્યારે 'આહ રાજકોટ, વાહ રાજકોટ' પોકારી જાય તેવું વાતાવરણ ઉભુ કરવામાં વિશાળ સરકારી દળકટક રાત દિવસ કામે લાગ્યું છે. ચોમાસાના સમયે શહેરના મુખ્યમાર્ગોથી માંડી નાની શેરીઓના રસ્તાઓ ભાંગીને ભુક્કો થઈ ગયા હતાં. શહેરી જનોએ ઠેરઠેર વિરોધ નોંધાવી મોરચા કાઢયા હતાં. પરંતુ મહાનગર પાલિકાના સત્તાવાળાઓ લાંબો સમય સુધી રીપેર કરી શકયા ન હતાં. જ્યારે રાજકોટમાં વાઈબ્રન્ટ રીજીયોનલ સમિટ જાહેર થઈ અને વડાપ્રધાન પણ આવી રહ્યાં છે ત્યારે કોર્પોરેશનના તંત્રએ ચમત્કાર સર્જ્યો હોય તેમ ગણતરીના દિવસોમાં સમગ્ર શહેરની શિકલ બદલી નાખી છે. આ નજારો જોઈને નાગરિકો બોલી રહ્યાં છે કે, ભીંસ પડે અને દાનંત હોય તો તંત્ર બધુ કરી શકે છે.

સ્થાનિક પ્રકાશન દ્વારા જે વિગતો મળી રહી છે તેને ધ્યાને લઈ હાલ વાઈબ્રન્ટ કોન્ફરન્સ ને વધુ વેગવંતી બનાવવા અને ખાસ દરેક ઉદ્યોગકારો આ કોન્ફરન્સમાં સહભાગી બને અને વધુને વધુ રોકાણ સૌરાષ્ટ્રને કચ્છ વિસ્તારમાં આવે તે માટેની તમામ કામગીરી અને કાર્યવાહી હાલ હાથ ધરાઈ રહી છે એટલું જ નહીં વધુને વધુ જન સુધી વાઈબ્રન્ટ કોન્ફરન્સ પહોંચે તે પણ એટલું જ જરૂરી છે માટે હાલ રાજકોટના વિવિધ મુખ્ય માર્ગો તથા અંડપ બ્રિજ સહિતની અનેકવિધ જગ્યા ઉપર વાઈબ્રન્ટ સહિત વડાપ્રધાનને આવકારતા ચિત્રો અને પેઈન્ટિંગ કરવામાં આવી રહ્યા છે અને રાજકોટને અલગ જ રીતે સુશોભિત કરવામાં આવી રહ્યું છે. હાલ મળતી માહિતી મુજબ નાયબ મુખ્યપ્રધાન પણ રાજકોટ આવી પહોંચ્યા છે અને આ કામગીરીને વધુને વધુ સરળ બનાવવા અને ઉદ્યોગકારોને કોઈપણ પ્રકારની તકલીફ તો સામનો ન કરવો પડે અને તેઓને હાલ જે મુશ્કેલી વેઠવી પડી છે તેવા કયા કયા મુદ્દાઓ હાલ પ્રશ્ન ઉભા કરે છે તેની યાદી પણ તૈયાર કરવામાં આવી છે. જેનો તાકીદે નિકાલ કરવામાં આવશે.



વેલકમ પ્રાઈમ મિનિસ્ટર


ઓવર બ્રિજમાં રંગરોગાન


ઓવર બ્રિજના પિલરમાં ચિત્રનગરી


વૃક્ષોનો પણ જમાનો આવ્યો


રૂટ પરના ખાનગી મકાનોને સરકારી ખર્ચે રંગરોગાન


સ્પિડ બ્રેકર ગાયબ


પ્રથમ વખત વોકવે રંગાયા

### રાજકોટ એકમમાં ૧૮૮ ડ્રાઈવરોની ફાળવણી : ૧૦૮ હાજર

# રાજ્યમાં ૨૫૦૦ ST ડ્રાઈવરોની નિમણૂક

રાજકોટ, તા. ૫

છેલ્લા ઘણા સમયથી રાજકોટ એસટી ડિવિઝન ને અનેકવિધ નવી બસો રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલી છે જેથી લોકોને જે યાતા યાતમાં મુશ્કેલીનો સામનો કરવો પડતો તેમાં તેઓ હેરાન ન થાય તે વાતને ધ્યાને લેવામાં આવી છે. મળતી માહિતી મુજબ નવી બસ સામે નવા ડ્રાઈવરોની ભરતી પણ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી જેમાં એસટી નિગમના અઢી હજારથી વધુ ડ્રાઈવરોને નિમણૂક પત્રો આપવામાં આવ્યા છે અને તેઓને જે તે ઝોનની ફાળવણી પણ કરવામાં આવી છે.

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં એસટી નિગમના ૨૫૦૦થી વધુ નવા ડ્રાઈવરોની કરાયેલ ભરતી અંતર્ગત નવા કર્મચારીઓને નિમણૂકપત્ર આપવામાં આવેલ હતા. જુદા જુદા ડીવીઝનોને ફાળવવામાં આવેલ નવા ડ્રાઈવરો પૈકી રાજકોટ એસટી વિભાગને પણ ૧૮૮ નવા ડ્રાઈવરોની ફાળવણી કરવામાં આવેલ હતી. આ તમામ ડ્રાઈવરો પૈકી ૧૦૮ ડ્રાઈવરો રાજકોટ ખાતે ફરજમાં હાજર થઇ ગયા છે અને આ ફરજમાં હાજર થઇ ગયેલા નવા ડ્રાઈવરોની જુદા-જુદા નવ ડેપોમાં ફાળવણીમાં પણ કરી દેવામાં આવી છે. દરમ્યાન રાજકોટ એસટી વિભાગના વિભાગીય નિયામક હિમાંશુ જોષીનો સંપર્ક સાધતા તેઓએ જણાવેલ હતું કે ૧૮૮ પૈકી ૧૦૮ ડ્રાઈવરો રાજકોટ ખાતે ફરજમાં હાજર થઇ ગયા છે અને હજુ પણ ક્રમશઃ નવા ડ્રાઈવરો હાજર થઇ ગયા છે.



હજુ પણ ૪૦થી વધુ ડ્રાઈવરો ફરજમાં હાજર થયા નથી. જો કે ટૂંક સમયમાં આ તમામ ડ્રાઈવરો ફરજમાં હાજર થઇ જશે. ઉલ્લેખનીય છે કે લાંબા સમયથી રાજકોટ વિભાગને ડ્રાઈવરોની ઘટ વર્તાતી હતી. જો કે હવે નવા ડ્રાઈવરોની ફાળવણી થઇ જતાં રાજકોટ વિભાગને થોડી રાહત મળી છે અને આ રાહત મળતા વધારાના નવા રૂટ પણ શરુ કરવામાં આવેલ છે. આ ભરતી થતા જ એસટી વિભાગને જે હેરાનગતિનો સામનો કરવો પડતો તે હવે નહીં કરવો પડે નવા બસની સાથે નવા ડ્રાઈવરો આવતા જ ઘણાખરા પ્રશ્નોનું નિવારણ તાકીદે આવી જશે હાલ બાકી રહેતા એટલે કે જે હાજર થઈ શક્યા નથી તે તમામ ડ્રાઈવરો ટૂંકમાં હાજર થશે. હાજર થઈ ગયેલા ડ્રાઈવરોને તેમની જવાબદારી અને તેમનો વિભાગ પણ સોંપી દેવામાં આવ્યો છે.

# એસ્ટ્રોન અંડર પાસ બંધ થતા જ ટ્રાફિકની સમસ્યા

## તંત્રને તાકીદે નિવારણ લાવવા લોકોએ ઉચ્ચારી માંગ : અનેકવિધ પ્રશ્નોથી લોકો ત્રાહિમામ

રાજકોટ, તા. ૫

મહાનગરપાલિકાના અણઘડ આયોજનના પગલે હેરાનગતિ અંતે લોકોએ વેઠવી પડતી હોય છે. મળતી માહિતી મુજબ હાલ મહાનગરપાલિકા દ્વારા તે કામગીરી કરવામાં આવી રહી છે તેનાથી અનેક પ્રશ્નો ઉભા થયા છે. હાલ જે વિગતો મળી રહી છે તે મુજબ એસ્ટ્રોન ચોક નાલાને ગઈકાલે મહાનગરપાલિકા દ્વારા અચાનક બંધ કરી દેતા ટ્રાફિકની સમસ્યા સર્જાય છે. પાઈપલાઈનની કામગીરી હોવાના પગલે હાલ મહાનગરપાલિકા દ્વારા અંદર પાસ ને બંધ કરી દેવામાં આવ્યો છે જેને લઈને ઘણા ખરા અન્ય પ્રશ્નો પણ ઊભા થયા છે ત્યારે તાકીદે આ કામગીરી આટોપી લેવા રાહદારીઓ દ્વારા તંત્રની સામે માંગ કરાય છે.

શહેરની મધ્યમાં આવેલા નાના છતાં ટ્રાફિકથી ધમધમતા એસ્ટ્રોન ચોક નાલાને ગઈકાલથી મનપાએ એકાએક બંધ કરતા ટ્રાફિકની અંધાધુંધી થઇ હતી. વાહન ચાલકોએ જનકલ્યાણ અને હેમુ ગઢવી હોલ પાછળના નાલાથી અવરજવર કરવા ફેરા કરવા પડયા હતા.



એસ્ટ્રોન ચોક નાલા હેઠળથી હળવા વાહનોનો ખુબ ટ્રાફિક પસાર થાય છે. સરદારનગર, ટાગોર રોડથી આ રોડ અમીન માર્ગ રોડ તરફ જતો વ્યસ્ત માર્ગ છે. ગઈકાલે મનપાએ પાઈપલાઈનના ખોદકામ માટે આ રોડ બંધ કર્યો હતો. જેનાથી બપોરે વાહનોને ચકકર કાપવા પડયા હતા. સવારે આગળ-પાછળના અન્ય લાગુ રોડ પર વાહનોનો જામ પણ લાગ્યો હતો.

આ અંગે મનપાના અધિકારીઓનો સંપર્ક કરતા તેમણે જણાવ્યું હતું કે, એસ્ટ્રોન ચોક નાલા હેઠળથી વરસાદી પાણીની પાઈપલાઈનનું ક્રોસીંગ કરવામાં આવી રહ્યું છે. આ કામ આજે સાંજ સુધી ચાલે તેમ છે. આથી મોડામાં મોડા આવતીકાલથી એસ્ટ્રોન ચોક નાલામાંથી વાહનોની અવરજવર શરૂ થઇ જશે. થોડા સમય પહેલા ડો.દસ્તુર માર્ગ સામે જતા રેલ ફાટક હેઠળના રસ્તાને પણ નાલુ બનાવીને વાહનો માટે ખોલવામાં આવ્યો હતો. આ સહિતના ટાગોર રોડ પાછળના નાલા વાહન વ્યવહાર માટે હવે ખુબ ઉપયોગી બન્યા છે. અગાઉ પણ એક નહીં અનેક કામગીરી અંગે પ્રશ્નો ઊભા થયા હતા ત્યારે તાકીદે નિવારણ આવે તે ખૂબ જરૂરી છે. મળતી માહિતી મુજબ મહાનગરપાલિકા ની કામગીરી અંગે ઘણા ખરા પ્રશ્નો અગાઉ પણ ઊભા થયા છે અને કામગીરીમાં ઢીલી નીતિના પગલે ઘણા અન્ય પ્રશ્નો પણ સામે આવી રહ્યા છે ત્યારે તાકીદે તેનું નિવારણ લાવવા માટે હાલ તંત્ર દ્વારા શું પગલાં લેવામાં આવશે તે હવે જોવાનું રહ્યું છે.

# રામનાથપરા સ્મશાનગૃહ પાસેનો બેઠો પુલ જર્જરિત

## કોંગી આગેવાને સ્વખર્ચે મરામત કરાવી દેવાની ઉચ્ચારી ચીમકી

રાજકોટ, તા.૫

મહાનગરપાલિકા ઉપર હાલ અનેક આક્ષેપો થઈ રહ્યા છે તેની પાછળનું સૌથી મોટું કારણ એ છે કે હાલ મનપા દ્વારા જે પણ કામ કરવામાં આવે છે તેમાં કોઈને કોઈ કારણે ક્ષતિ રહી જતી હોય છે અને જે રીતે કામ થવું જોઈએ તે થઈ શકતું નથી. અથવા તો જે પણ કામ કરવામાં આવ્યા છે તેમાં કોઈને કોઈ પ્રશ્નો ઊભા થતા જોવા મળે છે. મળતી માહિતી મુજબ હાલ શહેરના રામનાથ પરા સ્મશાન ગૃહ પાસેના બેઠા પુલનું રીપેરીંગ કાર્ય છેલ્લા ઘણા સમયથી થયું નથી અને આ બેઠો પુલ અત્યંત જોખમી પણ પુરવાર થઈ રહ્યો છે. ત્યારે કોંગ્રેસ દ્વારા એવી પણ ચીમકી વિચારવામાં આવી છે કે જો આ કાર્ય કોર્પોરેશન નહીં કરે તો સ્વ ખર્ચે આ બેઠો પુલનું નિર્માણ કરવામાં આવશે. આ તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લઇ હવે જરૂરી એ છે કે તંત્ર દ્વારા ગંભીરતાપૂર્વક આ તમામ બાબતો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે કારણ કે આવનારા સમયમાં હાલ મહાનગરપાલિકાની ચૂંટણીઓ યોજવાની છે ત્યારે આ તમામ નાના મુદ્દાઓ પણ ભાજપ વિરોધ ઊભા થાય તો નવાઈ નહીં.

હાલ કોંગ્રેસ પક્ષ એ તમામ મુદ્દાઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે કે જેનાથી લોકો હેરાન પરેશાન થતા હોય. આ તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લઈને હાલ કોંગ્રેસ દ્વારા રામનાથ પરા સ્મશાનના બેઠા પુલની હાલત અંગે મહાનગરપાલિકાને સૂચિત કરવામાં આવી છે. અને તાકીદે આ બેઠા પુલ નું સમારકામ થાય તે માટેની માંગણી પણ કરવામાં આવી છે. કોંગીજનો રણજીત મુંધવા અને હરેશ ભારાઈએ પુલની મુલાકાત લીધી હતી. તેમણે જણાવ્યું હતું કે, પોસ્ટરની પ્રસિધ્ધિ ભુખમાં ૧૫ લાખથી પણ વધારેનું પુલ રીપેરીંગનું બિલ જનતાના ટેક્સમાંથી અપાયું હતું. વોર્ડ નંબર ૬ અને ૭ને જોડતો કપિલા હનુમાન મંદિર પાસે રામનાથપરાનો બેઠો પુલ છેલ્લા ૯ મહિના થી તૂટેલી હાલતમાં હોવા છતાં તંત્ર રીનોવેશન કરતું નથી.

ગત વર્ષે પણ કોંગ્રેસે તુટેલા પુલ વચ્ચે બેસીને વિરોધ નોંધાવેલ હતો ત્યારે ભાજપના કોર્પોરેટરોએ માત્ર ક્રોકીંટ પાથરી પુલ ચાલુ કરીને જશ લેવા માટેની ઉતાવળ કરેલ હતી પરંતુ એ માત્ર રીપેરીંગ બે મહિના સુધીનો માંડ ચાલ્યું હતું.હજારો વાહનો ચાલકોને સોની બજાર બંગડી બજાર ધર્મેન્દ્ર રોડ જેવા અનેક વિસ્તારોમાં જવા માટે જેમ કે સામા કાંઠે જવા માટે ઈમિટેશન બજાર સહિતના વેપારીઓને ૨ કિમી ફરવુ પડે છે. તેથી તકલીફ પડતી હોય ત્યારે પુલનું રીપેરીંગ કામ ખુબજ જરૂરી હોય પુલમાં ૩૦૦ના ભુંગળા હતા એ ૯૦૦ના નાખવાના હતા પરંતુ નવા પુલનું કામ થતું નથી. આથી હવે કોંગ્રેસ સ્વખર્ચે આ પુલનું કામ કરવા તૈયાર થઇ છે.

અગાઉ પણ આ બેઠા પુલ અંગે અનેકવિધ પ્રકારે વિરોધ ઊઠવા પામ્યા હતા પરંતુ મહાનગરપાલિકાના અધિકારીઓની નિરસ્તા ના પગલે હાલ જે કામ થવું જોઈએ તે તે દિવસે પણ થયું ન હતું અને આજે પણ સ્થિતિ યથાવત જોવા મળી રહી છે અહીંથી પસાર થતાં લોકોને ભારે હાલાકી અને હેરાનગતિનો સામનો પણ કરવો પડે છે. આ તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લઈને કોંગ્રેસ દ્વારા અનેક વખત રજૂઆતો કરવામાં આવી પરંતુ તંત્ર દ્વારા કોઈ નક્કર કાર્યવાહી આજ દિન સુધી કરવામાં આવી નથી જે અંગે કોંગ્રેસના આગેવાનો દ્વારા વિરોધ દર્શાવવામાં આવ્યો હતો.



રાજકોટ મિરર
તંત્રીની કલમે

# પ્રેમ-વ્હેમ

## લવ જેહાદ જેવી ઘટનાઓ સામે શાસક સાથે સમાજમાં પણ સજાગતા જરૂરી



રાજકોટમાં વધુ એક ઘટનામાં વિધર્મી યુવક દ્વારા હિન્દુ યુવતી પર પ્રેમના નામે દુષ્કર્મ થયું.આવી ઘટના માત્ર એક ગુનો નથી, પરંતુ તે સમાજ માટે ચેતવણીરૂપ લાલબત્તી છે. જ્યારે પ્રેમનો પવિત્ર સંબંધ છેતરપિંડી અને વાસનાનું સાધન બની જાય, ત્યારે તેને માત્ર વ્યક્તિગત દુર્ઘટના ગણીને નજરઅંદાજ ન કરી શકાય. 'લવ જેહાદ' જેવી ઘટનાઓમાં શાસન તો કાયદાકીય કાર્યવાહી કરે જ છે, પરંતુ હવે સમય પાકી ગયો છે કે સમાજે પણ એટલી જ ગંભીરતાથી જાગૃત થવું પડશે. માત્ર પોલીસ કે અદાલતના ભરોસે બેસી રહેવાને બદલે પારિવારિક અને સામાજિક સ્તરે સુરક્ષા કવચ મજબૂત કરવું અનિવાર્ય બન્યું છે.

આવી ઘટનાઓ સમયે હિન્દુત્વ અને હિન્દુ સમાજની નબળાઈઓ પર પણ પ્રશ્નાર્થ ચિહ્નો લાગે છે. શું આપણો હિન્દુ સમાજ એટલો વિખરાયેલો છે કે તે પોતાની દીકરીઓને સુરક્ષિત હોવાનો અહેસાસ નથી કરાવી શકતો? વારંવાર બનતી આવી ઘટનાઓ દર્શાવે છે કે આપણે ધાર્મિક સંસ્કારો અને સામાજિક એકતામાં ક્યાંક ઉણા ઉતર્યા છીએ. આપણે માત્ર તહેવારો ઉજવવામાં મશગૂલ છીએ, પણ સનાતન ધર્મની રક્ષા અને યુવા પેઢીના માર્ગદર્શનમાં નિષ્ફળ જઈ રહ્યા છીએ. હિન્દુત્વ એ માત્ર પૂજા-પાઠ નથી, પણ અત્યાચાર સામે અવાજ ઉઠાવવાની અને સંગઠિત થઈને અન્યાયને રોકવાની શક્તિ પણ છે. જો આપણે આપણી દીકરીઓને સજાગ ન કરી શકીએ, તો ભવિષ્યમાં આવા બનાવો વધતા જ જશે.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક મોહન ભાગવતજીએ વારંવાર આ મુદ્દે ભાર મૂક્યો છે. તેમણે સ્પષ્ટપણે ભલામણ કરી છે કે હિન્દુ યુવતીઓને માત્ર ભાવનાત્મક રીતે જ નહીં, પણ શારીરિક અને માનસિક રીતે પણ સક્ષમ બનાવવી જોઈએ. યુવતીઓ એટલી સશક્ત હોવી જોઈએ કે તે પ્રેમ અને છળ વચ્ચેનો તફાવત પારખી શકે. માત્ર કાયદાઓથી સુરક્ષા નહીં મળે, દીકરીઓએ સ્વરક્ષણ માટે તૈયાર થવું પડશે અને પરિવારોએ તેમની સાથે એવું મજબૂત જોડાણ રાખવું પડશે કે જેથી તેઓ કોઈ પણ મુશ્કેલીમાં બહારના વ્યક્તિને બદલે ઘરના સભ્યો પાસે માર્ગદર્શન મેળવી શકે.

લવ જેહાદ જેવી જાળમાં ફસાતી દીકરીઓને બચાવવા માટે સમાજે પોતાની જૂની માનસિકતા ત્યાગીને સજાગ બનવું પડશે. શાસન કડક કાયદો બનાવી શકે, પરંતુ સંસ્કાર અને સતર્કતાનું નિર્માણ તો સમાજે જ કરવું પડશે. જ્યારે સમાજનો દરેક વર્ગ એક થઈને જાગૃત બનશે, ત્યારે જ આવી અસામાજિક વૃત્તિઓને નાથવી શક્ય બનશે. પ્રેમમાં રહેલો 'વ્હેમ' જ્યારે દીકરીના જીવનને બરબાદ કરે છે, ત્યારે તેની પીડા આખા સમાજે ભોગવવી પડે છે.

# સોમનાથ દેશની આત્માનું શાશ્વત પ્રતિનિધિત્વ

## PM મોદીએ સોમનાથ મંદિર પર થયેલા હુમલાની ૧૦૦૦મી વર્ષગાંઠ નિમિત્તે લખ્યો લેખ

નવીદિલ્હી, તા. ૫

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોમનાથ મંદિર પર થયેલા પહેલા હુમલાની ૧૦૦૦મી વર્ષગાંઠ નિમિત્તે તેમના બ્લોગ પર એક લેખ શેર કર્યો. તેમણે પશ્ચિમ કિનારે ગુજરાતના પ્રભાસ પાટણમાં સ્થિત સોમનાથ જ્યોતિર્લિંગનો મહિમા શેર કર્યો. તેમણે કહ્યું કે સોમનાથ ભારતના આત્માનું શાશ્વત પ્રતિનિધિત્ છે. તેમણે ઉમેર્યું કે દ્વાદશ જ્યોતિર્લિંગ સ્તોત્રમમાં ભારતમાં ૧૨ જ્યોતિર્લિંગનો ઉલ્લેખ છે, જેમાં સોમનાથનો પણ સમાવેશ થાય છે. પીએમ મોદીએ લખ્યું કે લાખો લોકોની ભક્તિ અને પ્રાર્થનાનું કેન્દ્ર સોમનાથ મંદિરને વિદેશી આક્રમણકારો દ્વારા નિશાન બનાવવામાં આવ્યું હતું. તેમનું એકમાત્ર ધ્યાન આ પવિત્ર સ્થળને સંપૂર્ણપણે નાશ કરવા પર હતું. પીએમ મોદીએ આગળ લખ્યું કે ૨૦૨૬નું વર્ષ સોમનાથ મંદિર માટે ખૂબ મહત્વ ધરાવે છે, કારણ કે તે આ મહાન મંદિર પર થયેલા પહેલા હુમલાની ૧૦૦૦મી વર્ષગાંઠ છે.

પીએમ મોદીએ લખ્યું કે જાન્યુઆરી ૧૦૨૬માં, ગઝનીના મહમૂદે મંદિર પર મોટો હુમલો કર્યો અને તેનો નાશ કર્યો. આ હુમલો શ્રદ્ધા અને સભ્યતાના મહાન પ્રતીકનો નાશ કરવાનો હિંસક અને બર્બર પ્રયાસ હતો. પીએમ મોદીએ આગળ લખ્યું કે સોમનાથ મંદિર પરનો હુમલો માનવ ઇતિહાસની સૌથી મોટી દુર્ઘટનાઓમાંની એક છે. છતાં, એક હજાર વર્ષ પછી પણ, મંદિર પૂર્ણ ભવ્યતામાં ઉભું છે. ૧૦૨૬ પછી સમયાંતરે મંદિરને તેના સંપૂર્ણ ભવ્યતામાં ફરીથી બનાવવાના પ્રયાસો ચાલુ રહ્યા.

મંદિરનું વર્તમાન સ્વરૂપ ૧૯૫૧માં આકાર પામ્યું. યોગાનુયોગ, ૨૦૨૬નું વર્ષ સોમનાથ મંદિરના પુનર્નિર્માણની ૭૫મી વર્ષગાંઠ પણ છે. મંદિર ૧૧ મે, ૧૯૫૧ના રોજ પૂર્ણ થયું હતું. મંદિરના દરવાજા દર્શન માટે ખોલવામાં આવ્યા ત્યારે તત્કાલીન રાષ્ટ્રપતિ ડો. રાજેન્દ્ર પ્રસાદ દ્વારા હાજરી આપેલ સમારોહ ઐતિહાસિક હતો.



પીએમ મોદીએ કહ્યું, ''શું આપણે કલ્પના કરી શકીએ છીએ કે આનો ભારત અને તે સમયે તેના લોકોના મનોબળ પર કેટલો ઊંડો પ્રભાવ પડ્યો હશે? સોમનાથ મંદિરનું ખૂબ જ આધ્યાત્મિક મહત્વ હતું. તે મોટી સંખ્યામાં લોકોને આકર્ષિત કરતું હતું.'' તે મજબૂત આર્થિક ક્ષમતા ધરાવતા સમાજની પ્રેરણા હતી. આપણા દરિયાઈ વેપારીઓ અને ખલાસીઓ તેના વૈભવની વાર્તાઓ દૂર દૂર સુધી ફેલાવે છે.

પીએમ મોદીએ કહ્યું કે સોમનાથ પરના હુમલા અને ગુલામીના લાંબા સમયગાળા છતાં, આજે હું પૂરા વિશ્વાસ અને ગર્વ સાથે કહેવા માંગુ છું કે સોમનાથની વાર્તા વિનાશની વાર્તા નથી. તે ભારત માતાના લાખો બાળકોના આત્મસન્માનની વાર્તા છે જે છેલ્લા ૧૦૦૦ વર્ષોથી ચાલી આવી છે; તે ભારતના લોકોની અતૂટ શ્રદ્ધાની વાર્તા છે. પીએમ મોદીએ કહ્યું કે દક્ષિણ ભારતના પ્રાચીન મંદિરો અને ગુજરાતમાં સોમનાથ જેવા મંદિરો તમને શાણપણના અસંખ્ય પાઠ શીખવશે. તેઓ તમને આપણી સભ્યતાની ઊંડી સમજ આપશે જે વાંચેલા કોઈપણ પુસ્તકો કરતાં વધુ સારી છે.

આ મંદિરો સેંકડો હુમલાઓના નિશાન ધરાવે છે. તેઓ સેંકડો વખત પુનર્જન્મ પામ્યા છે. તેઓ વારંવાર નાશ પામ્યા છે. દરેક વખતે, તેઓ પોતાના ખંડેરમાંથી પહેલાની જેમ મજબૂત અને જીવંત બન્યા છે. આ રાષ્ટ્રીય માનસ છે, આ રાષ્ટ્રીય જીવનરક્ષક છે. તેને અનુસરવાથી તમને ગર્વ થાય છે.

# મણિપુરમાં ત્રણ શક્તિશાળી વિસ્ફોટ

## સુરક્ષા એજન્સીઓ ચિંતાતુર : ૨ ઘાયલ

નવીદિલ્હી, તા. ૫

મણિપુરમાં શાંતિની આશાઓને વધુ એક મોટો ફટકો પડ્યો છે. સોમવારે સવારે, સૂર્યનું પહેલું કિરણ દેખાય તે પહેલાં, બિષ્ણુપુર જિલ્લામાં એક પછી એક ત્રણ શક્તિશાળી વિસ્ફોટોએ સમગ્ર રાજ્યને હચમચાવી નાખ્યું. આ વિસ્ફોટો એટલા શક્તિશાળી હતા કે લોકો તેમના પલંગ પરથી કૂદી પડ્યા અને ચીસો સંભળાઈ. ખીણ અને ટેકરીઓ વચ્ચે ચાલી રહેલા તણાવ વચ્ચે થયેલા આ IED વિસ્ફોટોએ સુરક્ષા એજન્સીઓને ચિંતામાં મૂકી દીધા છે. આ હુમલો ફક્ત બોમ્બ વિસ્ફોટ નહોતો, પરંતુ આતંક ફેલાવવાનો ઇરાદાપૂર્વકનો પ્રયાસ હતો. મણિપુરના બિષ્ણુપુર જિલ્લામાં મુખ્યત્વે મેઇતેઈ સમુદાયના લોકો વસે છે. સૈટોન ગામ નજીક શંકાસ્પદ ઈઊઉ વિસ્ફોટમાં મેઇતેઈ સમુદાયની એક મહિલા અને એક પુરુષ ઘાયલ થયા હતા.

કેન્દ્રીય સુરક્ષા દળના સૂત્રએ જણાવ્યું હતું કે આ ઘટના સવારે ૫:૩૦ વાગ્યાની આસપાસ બની હતી. વિસ્ફોટમાં કુકી-પ્રભુત્વ ધરાવતા ચુરાચંદપુર જિલ્લાના ગુનેગારોની સંડોવણીની શંકા બાદ સ્થાનિક લોકો ઘટનાસ્થળે એકઠા થયા હતા, જે બિષ્ણુપુરને જોડે છે. સરકાર સાથે વાતચીત કરી રહેલી કુકી ઝો કાઉન્સિલે સવારે ૧૧:૩૫ વાગ્યે એક નિવેદન જારી કરીને હુમલાની નિંદા કરી હતી. કાઉન્સિલે અધિકારીઓ અને સુરક્ષા દળોને સુરક્ષા જાળવવા વિનંતી કરી.



પોલીસે જણાવ્યું હતું કે વિસ્ફોટમાં વપરાયેલી સામગ્રી અને તેમાં સામેલ લોકોની ઓળખ કરવા માટે તપાસ ચાલી રહી છે. ૧૦૦ થી વધુ વિસ્થાપિત મેઇતેઈ પરિવારો પાછા ફર્યા બાદ તાજેતરમાં બિષ્ણુપુર-ચુરાચંદપુરની આસપાસના વિસ્તારોમાં તણાવ વધ્યો છે. ૧૬ ડિસેમ્બરના રોજ, ટોરબુંગ વિસ્તારમાં અજાણ્યા વ્યક્તિઓએ પરિવારો પર ગોળીબાર કર્યો હતો. મે ૨૦૨૩ થી, મેઇતેઈ-કુકી સંઘર્ષમાં ૨૬૦ થી વધુ લોકો માર્યા ગયા છે અને ૬૦,૦૦૦ થી વધુ લોકો વિસ્થાપિત થયા છે. ફેબ્રુઆરી ૨૦૨૫ થી રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવ્યું છે. મણિપુરના બિષ્ણુપુર જિલ્લામાં થયેલા મોટા પાયે IED વિસ્ફોટોએ ફરી એકવાર રાજ્યમાં શાંતિની આશાઓ પર પાણી ફેરવી દીધું છે. મેઇતેઈ સમુદાયના સભ્યો ઘાયલ થયા છે, જેના કારણે ખીણ અને ટેકરીઓ વચ્ચે તણાવ વધુ વધ્યો છે. પોલીસ ઘટનાની તપાસ કરી રહી છે.

# નેપાળની મસ્જિદમાં તોડફોડ બાદ ભારતમાં અરાજકતા

## હિંસા ફાટી નીકળતા, સ્થિતિને કાબુમા લેવા ટીયરગેસના શેલ છોડ્યા

નવીદિલ્હી, તા. ૫

ગયા વર્ષે, Gen-Z ચળવળે નેપાળને હચમચાવી નાખ્યું હતું. આ પછી, સોશિયલ મીડિયા પર ધાર્મિક સામગ્રી ધરાવતા એક વીડિયોને લઈને દેશમાં ફરી એકવાર અશાંતિ ફાટી નીકળી છે. દેશભરમાં વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે. રવિવારે, આ વિરોધ પ્રદર્શનો હિંસક બન્યા, જેના કારણે ભારતીય સરહદ નજીક દક્ષિણ નેપાળના બે વિસ્તારોમાં તણાવ ફેલાયો. પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે, પોલીસે ભારતના રક્સૌલની સરહદે આવેલા પારસા જિલ્લાના બિરગંજમાં ટીયરગેસના શેલ છોડ્યા. શનિવારે, ધનુષા જિલ્લામાં એક મસ્જિદમાં તોડફોડ સામે વિરોધ પ્રદર્શનો યોજાઈ રહ્યા હતા.

ધનુષા પોલીસના જણાવ્યા અનુસાર, કેટલાક વ્યક્તિઓએ કથિત રીતે TikTok પર એક વીડિયો પોસ્ટ કર્યો હતો જેમાં મસ્જિદમાં તોડફોડ થતી દર્શાવવામાં આવી હતી. આનાથી લોકોમાં રોષ ફેલાયો અને



વિરોધ પ્રદર્શનો થયા. TikTok વીડિયો પોસ્ટ કરવા અને તોડફોડમાં ભાગ લેવા બદલ ત્રણ લોકોની અટકાયત કરવામાં આવી છે. પોલીસે જણાવ્યું હતું કે બે મુસ્લિમ યુવાનોએ સોશિયલ મીડિયા પર હિન્દુ વિરોધી સામગ્રી ફેલાવ્યા બાદ એક જૂથે ધનુષા જિલ્લાના કમલા મ્યુનિસિપાલિટીના સખુવા મારન વિસ્તારમાં એક મસ્જિદમાં તોડફોડ કરી હતી. આનાથી અન્ય સમુદાયના યુવાનો ગુસ્સે થયા, જેમણે મસ્જિદમાં તોડફોડ કરી, જેના કારણે દેશમાં અશાંતિ ફેલાઈ ગઈ.

રવિવારે સવારે ધનુષા જિલ્લામાં બનેલી ઘટનાઓના વિરોધમાં બીરગંજમાં મુસ્લિમ સભ્યોના એક જૂથે ટાયરો સળગાવીને વિરોધ પ્રદર્શન કર્યું. પોલીસે જણાવ્યું હતું કે વિરોધ હિંસક બનતા પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે લગભગ અડધો ડઝન ટીયરગેસના શેલ છોડવામાં આવ્યા હતા, જેમાં પોલીસકર્મીઓ પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો અને સ્થાનિક પોલીસ સ્ટેશનમાં તોડફોડ કરવામાં આવી હતી. ત્યારથી બીરગંજમાં પરિસ્થિતિ સામાન્ય થઈ ગઈ છે. પારસાના મુખ્ય જિલ્લા અધિકારી ભોલા દહલે રવિવારે સાંજે જાહેર અપીલ જારી કરીને લોકોને સામાજિક સંવાદિતાને ખલેલ પહોંચાડે તેવી કોઈપણ પ્રવૃત્તિમાં સામેલ ન થવા વિનંતી કરી હતી.

જિલ્લા વહીવટીતંત્રે જણાવ્યું હતું કે તે સમાજ, ધર્મ અથવા સંસ્કૃતિના નામે નફરત ફેલાવનારા, રાષ્ટ્રીય એકતાને નુકસાન પહોંચાડનારા અથવા કોઈપણ સમુદાય વિશે ખોટી અફવાઓ ફેલાવનારા સોશિયલ મીડિયા વપરાશકર્તાઓ પર નજીકથી નજર રાખી રહ્યું છે. વહીવટીતંત્રે એવી ચેતવણી પણ આપી હતી કે સામાજિક સંવાદિતાને ખલેલ પહોંચાડનારા, શાંતિને ખલેલ પહોંચાડનારા અથવા ધાર્મિક સ્થળોને નુકસાન પહોંચાડનારાઓ સામે કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

# શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

## ચિંતનની ક્ષણે

### માત્ર ભગવો વેશ નહીં, પણ જેણે વૃત્તિનો વૈરાગ્ય લીધો હોય એ જ છે સાચો સાધુ!!



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં સહ પરિવાર સાદર સષ્ટાગ પ્રેમ પ્રણામ. જાન્યુઆરી શરૂ થયો અને સૂર્ય મકર રાશિમાં પ્રવેશવા ઉત્સુક હશે, પણ સંતાનો પાછાં જતાં રહેશે એ વિચારે મારી મમતા અત્યારથી અસ્ત તરફ ગતિ કરી રહી છે, અને એમાં ઘરમાં દાદીનો ખાટલો, એટલે એમાં ગમે તેટલું ચિંતન કરીએ તોય, હરક્ષણ સ્થિર રહેવું મુશ્કેલ છે! આપણાં શાસ્ત્રો કહે છે કે, આપણી મા જ આપણી ગુરુ છે કે, સાધુ છે, જે ખૂબ ઉચી પદવી ધરાવે છે, છતાં સાવ સામાન્ય રહે છે, જોકે એટલી હદે સમજાયું ત્યારે એ ધરા છોડી ચૂકી હતી! મા અને સંતાનનો સંબંધ એવો છે કે, એને વિશે જેટલું કહીએ એટલું ઓછું છે. જેમ સંતાન દુઃખી થાય, ત્યારે એને સૌથી પહેલા એની મા યાદ આવે, એમ મા પણ દુઃખી થાય ત્યારે એને પણ પોતાના સંતાનો જ યાદ આવે.. પણ જીવનનો એક પડાવ એવો આવે કે, જ્યારે સંતાન મોટા થાય અને એને પણ પોતાના પરિવાર શરૂ કરી દીધાં હોય, અને મા થી દૂર વસવાટ કરવાનું થાય, અને પાછાં એ તો પોતાનામાં વ્યસ્ત થઈ જાય, ત્યારે મા માટે બહુ કઠિન સમય આવે. ઉપરથી ત્યારે જ ઋતુ ચક્ર અનુસાર પણ સ્ત્રીના જીવનમાં ઉત્સેચકો નું વધવું ઘટવું થતું હોય, એટલે શારીરિક અને માનસિક, બંને રીતે એને સંતુલન કરવું ક્યારેક અઘરું પડે! અને એવાં કંઈક ઉતાર ચડાવ ને પસાર કરી સ્ત્રી પોતાના મનોભાવને સ્થિર રાખી શકે તો એ સ્ત્રી સાધુ ચરિત ધરાવે છે, એમ કહી શકાય. સદગુરુ કૃપાથી જીવન સરિતા મમતા, સમતા, અને સમસ્તના ત્રિવિધ ઘાટે, અલગ-અલગ રોમાંચ અનુભવતી આગળ વધતી રહે છે. ડર, ભય, શોક, રોગ, આ જુદા-જુદા મનોભાવોને દરેક ખૂણેથી તપાસતી તપાસતી જીવનને હરપળ ઉજ્જવળ બનાવવા મથી રહી છે. પુજ્ય બાપુના કહેવા પ્રમાણે ભૂતકાળ શોક અપાવનાર, ભવિષ્ય ભય આપનાર, અને વર્તમાન અત્યારે મનોરોગથી પીડિત છે. અત્યારના સમયનો સમાજ આધુનિકતાના અનોખા વાયરસથી ગ્રસીત છે, એટલે ટૂંકમાં લગભગ બધા મનોરોગથી પીડીત છે. હા ક્યારેક માનવતાના ઉત્તમ મૂલ્યો, આપનારા ચરિત્ર પણ જોવા મળે છે. જે કોઈપણ સમયે કોઈને કોઈ રીતે મદદ કરવા માટે તત્પર છે. જ્યારે અમુક લોકો સંપૂર્ણપણે માનવતા ભૂલી જાય છે, અને સગાં માતાપિતા પણ એની માટે બોઝ રૂપ બને એવા લોકો જોવા મળે છે. નિત્ય વહેતી આ ચિંતનની ધારામા આ બધું જ તટસ્થતાથી જોઈને, લોક માનસની માનસિકતાનો તાગ મેળવવાની કોશિશ કરાય છે. સાધુ ચરિત ધરાવતા લોકોની સમયસરની જાગૃતિને કારણે જ સમાજ ટકી રહ્યો છે. એમની માટે શોક કરવા જેવી કોઇ ઘટના નથી, કે કોઈ ઘટના ભય પમાડતી નથી, છતાં સાવધાની જરૂરી છે.

હવે આજનું ચિંતન સાધુ શબ્દ પરનું છે. સામાન્ય રીતે સાધુ શબ્દ કાને પડતાં જ આપણા માનસે એક ચિત્ર અંકિત થાય છે, જેમાં ભગવા વસ્ત્ર પહેરેલા હોય, હાથમાં કમંડળ હોય, ગળામાં રુદ્રાક્ષની માળા હોય, માથે જટા હોય તેવી વ્યક્તિ એટલે સાધુ.આને તો સાધુ કહેવાય પણ શું ફક્ત બાહ્ય દેખાવને અનુસરીને આપણે કોઈને સાધુ કહેવું પર્યાપ્ત છે. એમ તો રાવણ પણ સાધુનો વેશ પહેરીને જ આવ્યો હતો ને! એટલે બાહ્ય દેખાવને જોઈને કોઈને સાધુની પદવી આપવી તે યોગ્ય નથી. આપણે ઉપર જોયું તેમ સાધુ આમતો આંતરિક વૃત્તિઓને આધારે નક્કી થતાં હોય છે, અથવા તો સદ્ વૃત્તિને કારણે નક્કી થતું પદ છે, વૃત્તિ નો વૈરાગ્ય એ સાધુનું પ્રથમ લક્ષણ છે. સાધુ કે સંતએ સમાજનું ઘરેણું છે, અને આવા બુદ્ધ પુરુષોને કારણેજ સમાજ દીપી ઉઠે છે. સંસારમાં પ્રત્યક્ષ ન રહીને તે સંસારીઓનું માર્ગદર્શન કરે છે.તો સાધુ એટલે જે ફક્ત ભગવા પહેરે તે નહીં,પણ જેણે વિષયી વૃત્તિ ઓને ભગવા પહેરાવી વૈરાગ્ય લીધો હોય તે, જેનું અંત કરણ ગંગા જેવું નિર્મળ ને પવિત્ર હોય તે,જે સર્વ જન હિતાય જ જીવતા હોય,લોક મંગલ સિવાય તેના મનમાં બીજો કોઈ વિચાર ન હોય.તેના શ્વાસ અને ઉચ્છવાસ બંનેમાં પ્રેમ જ હોય. તેના દ્વાર પર રાય રંકના ભેદ ન હોય, દુનિયા દેખતાં તે એકદમ સામાન્ય છે, પણ ભીતર તેણે બ્રહ્માંડનું નિર્માણ કરેલું હોય છે,જ્યાં અપરંપાર અજવાળા છે.અને અસ્તિત્વ તેના વચનને પુરું કરવા કટિબદ્ધ બંને છે. પ્રકૃતિનાં પાંચેય તત્વો જાણે તેની ઈચ્છાને અનુસરતા હોય તેવું લાગે છે. ઘણી વાર મોટી હાની ટળી જતાં આપણે નજરે જોઈ છે. દાખલા તરીકે વાવાઝોડા દરિયાથી ફંટાઈને જતા રહે, અતિવૃષ્ટિમાં જાનહાની ન થવી,તો દુષ્કાળમાં એટલો ભૂખમરો ન થવો, વગેરે કોઈ સાધુની રહેમ કે કૃપાનું કારણ હોય છે.સાધુની સીધી વ્યાખ્યા કરવી હોય તો!

જે સરળ છે,જે સહજ છે,જે સાલસ, એટલે નિખાલસ છે
જે સહનશીલ છે,જે શૂરવીર છે.જે સંવેદનશીલ છે.
જે સંતોષી છે.જે સ્પષ્ટ છે, પારદર્શક છે, જે શ્રદ્ધાવાન છે.
જે ક્ષમાવાન છે. જે શાંત છે.

બાપુ વારંવાર સાધુની વ્યાખ્યા કરતાં જ હોય છે કારણકે દેશકાળ એવો છે કે સાચા સાધુ મળવા મુશ્કેલ છે, અને જો ઠગ ભટકાઈ જાય તો જીવન બગાડી નાખશે, એટલે જ એ કથામાં એક ભજનની વાત કહે છે, ''શાંતિ પમાડે તેને સંત કહીએ રે''સાધુનાં ગુણોની યાદી તો આનાથી પણ વધુ લાંબી થઈ શકે, એની માટે ફક્ત તેનો બાહ્ય દેખાવ જરૂરી નથી, એ પેન્ટ શર્ટમાં પણ સાધુ થઈ શકે, સાડીમા પણ સાધુ વૃતિ ધરાવી શકે, અને સૌથી મહત્વની વાત તે સૌને સ્વીકારી સ્નેહ સેતુ બાંધે છે. તેની માટે પોતાનાની વ્યાખ્યામાં પરિવાર નહીં વસુધૈવ કુટુંબ આવી જતું હોય છે. હાલતું ચાલતું જાણે કે સદવિચાર અને સદવૃત્તિનું ઠેકાણું હોય છે.તે ઈશ્વર સન્મુખ હોય છે,તો ક્યારેક ઈશ્વર સ્વરૂપ પણ લાગે છે. આપણને તેના દર્શન કરતાં સાક્ષાત્કાર થયાની અનુભૂતિ થાય છે.તે સૌને પોતાના પ્રભાવથી નહીં, પણ સ્વભાવથી વશ કરે છે.જીવનના હર મોડ પર તે આપણી સાથે જ છે, તેવો અહેસાસ થાય છે.અને આવા સાધુ પુરુષથી ભારતીય સંસ્કૃતિ લબોલબ ભરેલી છે, એટલે આજ સુધી તેની બોલબાલા છે.

તો સાધુ એટલે ફક્ત ભગવો વેશ પરિધાન કરી, ગિરનાર કે હિમાલયની ગિરી કંદરામાં સંસાર છોડીને ભ્રમણ કરતા દેખાય તે માત્ર નહીં! પણ આપણા જ સમાજનું જે એક અભિન્ન અંગ બની, સતત આપણી સાથે ચાલે અને સત્ય પ્રેમ ને કરુણાની રાહ પર ચાલવા માર્ગદર્શન આપે..કારણ કે એ ફક્ત શબ્દ વિલાસ નથી પણ સદગુરુનો પ્રસાદ છે, જે ઈશની અનુકંપાથી મારે ભાણે આવ્યો છે, અને એને હું હું બસ આ રીતે સર્વ માં બાટી રહી છું. અહી લેશમાત્ર અહમ નથી, માત્ર પ્રેમ પ્રેમ ને પ્રેમ જ છે. આપણી આસપાસ વસતા લોકોમાંથી જ આવાં કોઈ સાધુ ચરિત્રને ચરણે રહેવાનો આપણને સૌને મોકો મળે, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને વિરામ આપું છું. તો ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, જીવન સરિતાના નવા ઘાટે સ્નાન કરવા. સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

### અપમૃત્યુની અલગ અલગ ચાર ઘટનાઓમાં પરિવારઓ ગુમાવી દીધા સ્વજનો


# વિજકરંટે ટેણીયા-યુવાનના લીધા જીવ

## પતંગ લૂંટતી વખતે સોળ વર્ષના ટાબરીયાને કરંટ લાગ્યો, ફાર્મ હાઉસમાં લાઇટ રીપેર કરતી વખતે થાંભેલેથી પડતાં પેટમાં ટ્રેકટરનો હુંક ખુંપી જતાં યુવાનનું મોતઃ બેભાન હાલતમાં મહિલા-પ્રૌઢના મૃત્યુ

રાજકોટ, તા. ૫

અપમૃત્યુની ઘટનાઓ રોજબરોજ બનતી રહે છે. વિજકરંટ બે લોકો માટે વેરી બની ગયો છે. જેમાં પતંગ પકડવા જતાં એક સોળ વર્ષના સગીરનું થાંભલામાંથી જોરદાર કરંટ લાગવાથી મોત થયું છે. તો બીજા બનાવમાં ફાર્મ હાઉસ ખાતે લાઇટ રીપેર કરતી વખતે કરંટ લાગતાં થાંભલા પરથી પટકાયેલા યુવાનને પેટમાં ટ્રેકટરની ટ્રોલીનો હુંક ખુંપી જતાં તેનું મોત થયું હતું. બે કિસ્સામાં મહિલા અને પ્રૌઢના બેભાન હાલતમાં મૃત્યુ થયા હતાં.





વિગતો પર નજર કરીએ તો કાલાવડના કુંભનાથપરામાં રહેતાં સોળ વર્ષના સગીરનું નદી કાંઠે પતંગ લુંટતી વખતે વિજથાંભલામાંથી કરંટ લાગવાને કારણે મોત થતાં પરિવારમાં માતમ છવાઇ ગયો હતો. કાલાવડ રહેતો નફીશ અહેમદઇદ્રીશભાઇ સોલંકી નામનો સોળ વર્ષનો ટેણીયો સાંજે સાડા પાચેક વાગ્યે ગામની ફુલકુડી નદી પાસે રમતો હતો ત્યારે પતંગ કપાઇને આવતાં તે પતંગ લૂંટવા દોડ્યો હતો. આ વખતે વિજ થાંભલામાંથી કરંટ લાગતાં બેભાન જેવો થઇ જતાં કાલાવડ સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

પરંતુ અહિ દમ તોડી દેતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે કાલાવડ પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર નફીશ બે ભાઇ અને એક બહેનમાં વચેટ હતો. તેના પિતા છુટક મજૂરી કરે છે. બનાવથી પરિવારમાં માતમ છવાઇ ગયો હતો. મકર સંક્રાંતિનો તહેવાર નજીકમાં છે ત્યારે ખાસ કરીને બાળકો, તરૂણો પતંગ પકડવા કે પતંગ ઉડાડતી વખતે અકસ્માતનો ભોગ બનતાં હોવાની ઘટના વધી જતી હોય છે. ત્યારે વાલીઓ પણ જાગૃત રહે તે જરૂરી છે. બાળકો પતંગ ઉડાડતા હોય ત્યારે શક્ય હોય તો વાલીઓએ સાથે રહેવું જરૂરી છે. જેથી કરીને ધાબા પરથી પતંગ ઉડાડતી વખતે બાળકો પડી ન જાય કે અકસ્માતનો કે વિજકરંટનો ભોગ ન બને. જાહેરમાં પતંગ ઉડાડવી ન જોઇએ.

વિજકરંટથી મોતની અન્ય એક ઘટનામા ગોંડલના પાંચીયાવદર ગામ પાસે ફાર્મ હાઉસમાં વીજ તાર પર રીપેરીંગના કામ સમયે કરંટ લાગતા યુવાન પટકાઇને નીચે પડતા ટ્રેકટરની ટ્રોલીનો હુક તેના પેટમાં ખુપી જતા ગંભીર રીતે ઘવાયો હતો.જેથી તેને સારવાર માટે રાજકોટ સિવિલ્ હોસ્પિટલ ખસેડાતા અહીં સારવાર દરમિયાન યુવાનનું મોત થયું હતું. બનાવ અંગે પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. કોટડા સાંગાણીમાં રહેતા મેહુલભાઇ ધીરજલાલ વઘાસીયા નામનો ઓગણચાલીસ વર્ષનો યુવાન ગોંડલના પાંચીયાવદર ગામે આર.આર.ફાર્મ હાઉસમાં વીજ રિપેરીંગનું કામ કરતો હતો. આ માટે તે ટ્રેકટરની ટ્રોલીમાં રહેલી સીડીમાં ચડી રિપેરીંગ કરી રહ્યો હતો. દરમિયાન તેને વીજ કરંટ લાગતા તે નીચે પટકાયો હતો.જેથી ટ્રેકટરની ટ્રોલીમાં રહેલો હુક તેના પેટમાં ખુપી ગયો હતો.

બાદમાં યુવાનને ગંભીર હાલતમાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. યુવાનનું અહીં સારવાર દરમિયાન મોત થયું હતું. યુવાન બે ભાઇના પરિવામાં મોટો હતો. યુવાનને બે સંતાન હોવાનું માલુમ પડયું છે. બનાવ અંગે પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. જયારે અન્ય એક બનાવમાં કુવાડવા ગામે પટેલ પેંડાવાળી શેરીમાં રહેતા પચાસ વર્ષના પ્રૌઢ મનહરભાઇ સોમાભાઇ પટેલ ગામના હરિઓમ ચોક પાસે વીજ થાંભલે કામ કરતા હતા ત્યારે તેમને વીજ કરંટ લાગ્યો હતો. જેથી તેમને સારવાર માટે રાજકોટ સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતાં. જે અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે કુવાડવા પોલીસને જાણ કરી હતી.

અપમૃત્યુના અન્ય બનાવો જોઇએ તો નાણાવટી ચોક નંદનવન આરએમસી ક્વાર્ટરમાં રહેતાં હંસાબા વનરાજસિંહ જાડેજા નામના બાવન વર્ષના મહિલા કેન્સરની બિમારીથી ઘરે બેભાન થઇ જતાં અને ઠક્કરબાપા હરિજનવાસ પરિક્ષીત શેરીમાં રહેતાં એકાવન વર્ષના પ્રકાશભાઇ પ્રવિણભાઇ વાઘેલા ઘરે બિમારીથી બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ મૃત્યુ થયું હતું. આમ ચાર ઘટનામાં અલગ અલગ પરિવારોએ પોતાના સ્વજનો ગુમાવી દીધા હતાં.

### વેપારીએ ટાર્ગેટ પૂરો થતાં 30 ડીલરોની ટિકિટો કરાવી હતી જે નકલી નીકળતા અમદાવાદ એરપોર્ટ પર હોબાળો

# બેંગકોક પટાયા ટૂરના નામે ૧૪.૮૨ લાખની ઠગાઈ

રાજકોટ, તા.૫

શહેરમાં વધુ એક ઠગાઈ થઈ છે. બેંગકોક પટાયાની ટૂર બુકીંગના નામે એક ટૂર એજન્ટ ત્રીસ લોકોને નકલી એર ટીકીટ ધાબડી પોણા પંદર લાખની ઠગાઈ કરી છે. આ મામલે એ ડિવિઝન પોલિસે એફઆઈઆર દાખલ કરી તપાસ શરૂ કરી છે.

વિગતો જોઈએ તો વેપારીઓને વિદેશ પ્રવાસની લાલચ આપી લાખો રૂપિયાની છેતરપિંડી આચરવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. શહેરના શાસ્ત્રીનગરમાં રહેતા અને રૈયા રોડ પર 'કાઠીયાવાડ પાઇપ્સ' નામની પેઢી ધરાવતા દેવીનભાઇ કાંતીલાલ ખાણદરે 'સ્ક્યુબ સર્વીસીસ'ના પ્રોપરઈટર અને બુકિંગ એજન્ટ રવી અરજણભાઇ ગાધેર વિરુદ્ધ રૂપિયા ૧૪.૮૨ લાખની ઠગાઈની ફરિયાદ એ-ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવી છે. ૩૦ જેટલા ડીલરોને બેંગકોક-પટાયા લઈ જવાના બહાને આચરવામાં આવેલી આ છેતરપિંડીએ સમગ્ર શહેરમાં ચકચાર જગાવી છે.

બુકિંગના નામે પાંચ મહિના સુધી ટુકડે-ટુકડે નાણાં પડાવ્યા ફરિયાદની વિગતો મુજબ, દેવીનભાઇ અને તેમના ભાગીદારોએ દર વર્ષની જેમ ડીલરોના ટાર્ગેટ પૂરા થતા તેમને ઇનામ તરીકે બેંકોક-પટાયાની ટૂર કરાવવાનું નક્કી કર્યું હતું. જુલાઈ-૨૦૨૫માં મિત્રની ભલામણથી તેઓ યાજ્ઞીક રોડ પર ગોલ્ડન સ્પેસ કોમ્પ્લેક્ષમાં ઓફિસ ધરાવતા એજન્ટ રવી ગાધેરના સંપર્કમાં આવ્યા હતા. આરોપી રવીએ વિશ્વાસમાં લઈ પ્રતિ વ્યક્તિ ૪૦,૪૦૦ નું આકર્ષક પેકેજ આપ્યું હતું. ફરિયાદીએ ઓગસ્ટ-૨૦૨૫ થી શરૂ કરીને ૩૧ ડિસેમ્બર સુધીમાં યુ.પી. આઈ., ગુગલ-પે, ક્રેડિટ કાર્ડ અને રોકડ મળીને કુલ ૧૪,૮૨,૫૨૮ની માતબર રકમ એજન્ટને ચૂકવી દીધી હતી.

**ડો. યાજ્ઞિક રોડના ટ્રાવેલ એજન્ટ રવી ગાધેરે પેમેન્ટ લઈ સોફ્ટવેરથી બનાવેલી નકલી ટિકિટો પધરાવી એરપોર્ટ પરથી એજન્ટ ગાયબ થતા વેપારીઓ મુશ્કેલીમાં મુકાયા**

સોફટવેરથી એડિટ કરી બનાવેલી ખોટી ટિકિટો વોટ્સએપ કરીને ગઠિયો જાતે જ ફસાયો હતો. આરોપીએ વેપારીને શંકા ન જાય તે માટે ૨૨ ડિસેમ્બરના રોજ તમામ ૩૦ પ્રવાસીઓની એર ટિકિટો વોટ્સએપ પર મોકલી આપી હતી. ૪ જાન્યુઆરી-૨૦૨૬ના રોજ ફ્લાઈટ હોવાથી તમામ વેપારીઓ અને ડીલરો ભારે ઉત્સાહમાં હતા. જોકે, આરોપીએ આ ટિકિટો ઓરિજનલ એરલાઇન્સની વેબસાઈટ પરથી બુક કરવાને બદલે સોફ્ટવેરની મદદથી એડિટ કરીને ફેક બનાવી હતી, જેનો ભાંડો અમદાવાદ એરપોર્ટ પર ફૂટ્યો હતો.

ઘટનાના દિવસે એટલે કે ૩ જાન્યુઆરીની રાત્રે તમામ લોકો રાજકોટથી અમદાવાદ એરપોર્ટ જવા નીકળ્યા હતા. આશ્ચર્યની વાત એ છે કે આરોપી રવી ગાધેર પણ તેમની સાથે જ ગાડીમાં આવ્યો હતો. એરપોર્ટ પહોંચતા પહેલા જ તેણે પ્લાન મુજબ ડ્રામા શરૂ કર્યો અને 'મારે કમ્ફર્ટ ઈન હોટલે કોઈની પાસેથી પેમેન્ટ લેવાનું બાકી છે, તમે એરપોર્ટ પહોંચો હું પાછળથી આવું છું' તેમ કહી ગાડીમાંથી ઉતરી ગયો હતો. ત્યારબાદ તમામ ડીલરો જ્યારે એરપોર્ટ ચેક-ઈન કાઉન્ટર પર પહોંચ્યા ત્યારે એરલાઇન્સના સ્ટાફે આ ટિકિટો નકલી હોવાનું જણાવી એન્ટ્રી આપવાનો ઇનકાર કરી દીધો હતો.

છેતરાયા હોવાની જાણ થતા દેવીનભાઈએ રવીને ફોન કર્યો તો તેણે થોડીવાર બહાના કાઢ્યા અને પછી ફોન સ્વીચ ઓફ કરી દીધો હતો. તમામ ડીલરોએ વિદેશ પ્રવાસ પડતો મૂકી રાજકોટ પરત આવી એજન્ટની ઓફિસે તપાસ કરી તો ત્યાં તેની પત્ની અશ્વિનીબેન હાજર હતા. તેમણે પણ રવી ક્યાં છે તેની જાણ હોવાનો ઇનકાર કર્યો હતો. અંતે ભોગ બનનાર વેપારીએ પોલીસના દ્વાર ખટખટાવ્યા છે. પોલીસે આ મામલે વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આરોપી એજન્ટને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

આ કેસમાં કાઠિયાવાડ પાઈપ્સવાળા દેવીનભાઇ કાંતીલાલ ખાણદરની ફરિયાદ આધારે રવી અરજણભાઇ ગાધેર (સ્ક્યુબ સર્વીસીસ) સામે રૂપિયા ૧૪,૮૨,૫૨૮ની ઠગાઈનો ગુનો દાખલ કરી એ ડિવિઝન પોલીસ તપાસ કરી રહી છે.

# આસિસ્ટન્ટ ઈજનેરને પેટા કોન્ટ્રાક્ટરે ફડાકો ઝીંકતા કર્મચારીઓની હડતાળ

### વાઈબ્રન્ટમાં વ્યસ્ત અધિકારીઓએ ફરિયાદ પણ ન સાંભળી





રાજકોટ, તા. ૫

વોર્ડ નં ૧૮ના પેવિંગ બ્લોકના પેટા કોન્ટ્રાકટર અને આસિસ્ટન્ટ ઈજનેરનર વચ્ચે પેવિંગ બ્લોકની કામગીરી મુદ્દે ઉગ્ર બોલાચાલી થયા બાદ પેટા કોન્ટ્રાક્ટરે ઉશ્કેરાઈ જઈ ને આસિસ્ટન્ટ ઈજનેરને ફડાકો મારી દેતાં કર્મચારીઓ વીજળીક હડતાળ પર ઉતરી ગયા હતા.

છખઈના એન્જીનીયરીંગ એસોસિએશનના હોદ્દેદારો જવાબદાર અધિકારી પાસે રજૂઆત કરવા ગયા હતા પણ, તેઓ વાઈબ્રન્ટ સમિટ સંબંધિત કામગીરીમાં વ્યસ્ત હોવાથી મળ્યા નહોતા આથી તમામ આસિસ્ટન્ટ ઈજનેરો હડતાળ પર ઉતરી ગયા હતા.

એસોસિયેશનના આગેવાનોના કહેવા મુજબ પેટા કોન્ટ્રાક્ટરે ઈસ્ટ ઝોનના આસી.ઈજનેર ધવલભાઈ ગોલાણીયાને પેવિંગ બ્લોકની કામગીરી મુદ્દે બોલાચાલી કરી ફડાકો ઝીંક્યો હતો.પેટા કોન્ટ્રાકટર દ્વારા ફડાકો ઝીંકતા મામલો બિચક્યો હતો અને કર્મચારીઓ વિજળિક હડતાળ પર ઉતરી ગયા હતા.

# ભગવતીપરામાં યુવાને ગળેફાંસો ખાધો

### પગલુ શા માટે ભર્યુ? તેનાથી પરિવારજનો પણ અજાણઃ બીજા બનાવમાં એક મહિનાની બાળકીનું શ્વાસ ચડ્યા બાદ મૃત્યુ

રાજકોટ, તા. ૫

વધુ એક યુવાને અકળ કારણોસર જીવ આપી દીધો છે. ભગવતપીરા શેરી નં. ૧૦માં રહેતાં હિરેનભાઇ જગદીશભાઇ ગોહેલ નામના પચ્ચીસ વર્ષના યુવાને ઘરે મફલર વડે ગળાફાંસો ખાઇ લેતાં બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ અહિ મૃતદેહ જ પહોંચ્યાનું તબિબે જાહેર કરતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે બી-ડિવીઝન પોલીસને જાણ કરતાં આસી સબ ઇન્સ. કુલદીપસિંહ ગોહિલે આકસ્મિક મૃત્યુની નોંધ કરી કાર્યવાહી કરી હતી.



આ ઘટના બારામાં પોલીસે તપાસ કરતાં એવી વિગતો સામે આવી હતી કે આપઘાત કરનાર હિરેનભાઇ રાતે પોતાના રૂમમાં સુવા ગયો હતો. મોડી સવાર સુધી નહિ જાગતાં પરિવારજનોએ દરવાજો વારંવાર ખખડાવ્યો હતો. પરંતુ દરવાજો નહિ ખોલતાં તોડીને જોતાં તે લટકતી હાલતમાં મળતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. તેને બેભાન હાલતમાં હોસ્પિટલમાં ખસેડ્યો હતો. પરંતુ અહિ મૃતદેહ જ પહોંચ્યો હતો. આપઘાત કરનાર હિરેનભાઇ બે ભાઇમાં નાનો અને અપરિણીત હતો. તે સુઝુકીના વર્કશોપમાં કામ કરતો હતો. પરિવારજનો પણ હાલ કારણ જાણતાં ન હોઇ પોલીસે તપાસ યથાવત રાખી છે. મૃતકના મોબાઇલ ફોનને આધારે પણ તપાસ કરવામાં આવશે.

બીજા કરૂણ બનાવમાં શાપર વેરાવળમાં આનંદ રેસીડેન્સીમાં રહેતાં દેવીપૂજક વિજયભાઇ સોલંકીની દિકરી તન્વી કે જેની ઉમર એક મહિનાની હતી તેણી સવારે ઘરે બેભાન થઇ જતાં રાજકોટ ઝનાના હોસ્પિટલના બાળકોના વિભાગમાં દાખલ કરાઇ હતી. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. તન્વીને સવારે શ્વાસ ચડ્યા બાદ બેભાન થઇ ગયાનું સગાએ કહ્યું હતું. તબિબે પોલીસ કેસ જાહેર કરતાં શાપર પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર બાળકી એક ભાઇ અને બે બહેનમાં નાની હતી. તેના પિતા ભંગાર વીણવાની મજૂરી કરે છે. નવજાત દિકરીના મોતથી મજૂર પરિવારમાં શોક છવાઇ ગયો હતો.

### ભાડાની ગાડી લઇ જનારે અકસ્માત સર્જતા ખર્ચો માંગતા મગજ ગુમાવ્યોઃ મળવા બોલાવી માર માર્યો

# ચાર વિદ્યાર્થી પર છ શખ્સોનો હુમલો

### પુનીતનગરના ગેઇટ પાસે બનાવઃ ક્રાઇસ્ટ કોલેજના વિદ્યાર્થી સહિત ચાર ઘવાયાઃ આજે તો મારી જ નાંખવા છે કહી હુમલો કરાયોઃ ખુનની ધમકી પણ અપાઇ

રાજકોટ, તા. ૫

શહેરમાં મારામારી ક્યારે અને કયા કારણોસર કોની વચ્ચે થઇ જાય તે નક્કી હોતું નથી. અલગ અલગ કારણોસર અહિ ટોળકી રચીને હુમલો કરવાની ઘટનાઓ વારંવાર બનતી રહે છે. દરમિયાન શહેરમાં રહેતાં મુળ લીંબડીના વિદ્યાર્થી ઉપર છ શખ્સોએ ટોળકરી રચી હુમલો કરી બેફામ માર માર્યો હતો. આ ઉપરાંત વચ્ચે પડેલા તેના ત્રણ મિત્રોને પણ મારકુટ થઇ હતી અને ખૂનની ધમકી અપાઇ હતી. ભાડે લઇ જવાયેલી કારને અકસ્માત નડતાં નુકસાની થઇ હોઇ નિયમ અનુસાર વિદ્યાર્થીએ ખર્ચના પૈસા માંગતા માથાકુટ કરવામાં આવી હતી.

વિગતો પર નજર કરીએ તો આ બનાવ વાવડી પુનીતનગરના ગેઇટ પાસે બન્યો હતો.ગાડીના રિપેરિંગના ખર્ચ મામલે થયેલી બોલાચાલીએ હિંસક સ્વરૂપ ધારણ કરતાં મુળ લીંબડીના સમલા ગામના અને હાલ રાજકોટ રહી કોલેજમાં ભણતાં યુવાન અને તેના મિત્રો પર છ શખ્સોએ ટોળકી રચી હુમલો કરી માર મારી માથે જતાં ખૂનની ધમકી દીધી હતી. ભાડે રાખેલી ગાડી ભટકાડ્યા બાદ તેનો ખર્ચ આપવાને બદલે ઢીકાપાટુનો માર મારી, ચાવી વડે હુમલો કરાયો હતો. તેમજ ઝાપટો પણ મારવામાં આવી હતી. ઘટનાની જાણ થતાં તાલુકા પોલીસે મુળ લીંબડીના સમલા ગામના વતની અને હાલ વાવડી પુનીતનગર-૯માં રહી ક્રાઇસ્ટ કોલેજમાં



અભ્યાસ કરતાં હર્ષદીપસિંહ અજયસિંહ રાણા નામના એકવીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી કેવલ સરપદડીયા, શાન આરીફભાઇ બાબર, જયદ્રથ જાડેજા ઉર્ફ મેગી, પુષ્પરાજસિંહ જાડેજા, પ્રહલાદસિંહ ઝાલા ઉર્ફ બબુ અને હરેન સરપદડીયા વિરૂધ્ધ ગેરકાયદે મંડળી રચી હુમલો કરી હર્ષદિપસિંહ અને સાહેદ...ને ઢીકાપાટુનો અને ઝાપટોનો માર મારી ઇજાઓ કરી મારી નાખવાની ધમકી આપ્યાનો ગુનો દાખલ કર્યો હતો.

આ મામાલે વિદ્યાર્થી હર્ષદિપસિંહ અજયસિંહ રાણા કે જે ક્રાઈસ્ટ કોલેજમાં અભ્યાસ કરે છે, તેણે પોલીસમાં જણાવ્યા મુજબ તેના મિત્ર ધ્રુમીલ ખુંટ ફોરવ્હીલ ગાડી ભાડે આપવાનો વ્યવસાય કરે છે. આરોપી કેવલ સરપદડીયાએ ધ્રુમીલ પાસેથી ગાડી ભાડે લીધી હતી, જે ક્યાંક ભટકાડી દીધી હતી. આ ગાડીના ખર્ચ અંગે વાત કરવા માટે કેવલે ધ્રુમીલને પુનીતનગર ગેઇટ પાસે બોલાવ્યો હતો. તા. ૨ના રોજ રાત્રે સાડા આઠ વાગ્યાના અરસામાં હર્ષદિપસિંહ તેના મિત્રો ધ્રુમીલ, તુષાર અને કુણાલ સાથે ત્યાં પહોંચ્યા હતા. ત્યાં હાજર કેવલ સરપદડીયા અને તેના મિત્રોએ ગાડીનો ખર્ચ આપવાની ના પાડી દીધી હતી. આ વખતે વાતચીત દરમિયાન મામલો બિચકતા આરોપીઓએ ઉશ્કેરાઈને ગાળો આપી હતી અને 'આજે તમને જાનથી મારી નાખવા છે' તેમ કહી હુમલો કર્યો હતો. આ દરમિયાન આરોપી શાન આરીફ બાબરે હર્ષદિપસિંહના કપાળના ભાગે ચાવી મારી દેતા લોહીલુહાણ ઈજા થઈ હતી.

હુમલામાં હર્ષદીપસિંહને આંખ અને કપાળના ભાગે ગંભીર ઈજાઓ થતા કુલ ૬ ટાંકા લેવા પડ્યા હતા, જ્યારે તેના અન્ય મિત્રોને મુંઢ માર લાગ્યો હતો. તાલુકા પોલીસ સ્ટેશનના ઈન્સપેક્ટર ડી. એમ. હરીપરાના માર્ગદર્શન હેઠળ હેડકોન્સ. કિશનભાઇ અજાગીયાએ એફઆઇઆર દાખલ કરતાં વધુ તપાસ પીએસઆઇ એમ. આઇ. શેખ ચલાવી રહ્યા છે. વિદ્યાર્થી પર હુમલાના આ બનાવે ચર્ચા જગાવી છે. આ પ્રકારની મારામારીના બનાવો શહેરમાં રોજબરોજ બને છે. લોકો કાયદો હાથમાં લઇ ટોળકીઓ રચી ગમે તેના પર તૂટી પડતાં હોય છે. આ બનાવમાં વિદ્યાર્થી ઉપરાંત તેના ત્રણ મિત્રોને પણ ટોળકીએ મારકુટ કરી લીધી હતી. બનાવને પગલે લોકોના ટોળા ભેગા થઇ ગયા હતાં અને તમામને છુટા પાડ્યા હતાં.

દામ્પત્ય જીવનમાં દગાખોરી-વિશ્વાસઘાતનું આવી શકે માઠુ પરિણામ

# પતિના મોતનું કારણ બનતી દગાખોર પત્નિ

## પ્રેમી સાથે છાનગપતીયા કરતાં કઢંગી હાલતમાં પકડાઇ ગયા પછી લાજવાને બદલે ગાજતી હોય તેમ ઝઘડો કરી માવતરે જતી રહીઃ પાછળથી પતિએ મોત વ્હાલુ કર્યુઃ બીજી ઘટનામાં નોકરી બાબતે માથાકુટ થતાં નર્સએ કરી લીધી આત્મહત્યા



રાજકોટ, તા. ૫

આડા સંબધોનો અંત મોટે ભાગે કરૂણ જ આવતો હોય છે. વધુ એક આવી ઘટના સામે આવી છે. જેમાં દામ્પત્ય જીવનમાં પત્નિની બેવફાઇ-દગાખોરી પતિના મોતનું કારણ બની ગઇ છે. પત્નિને બીજા સાથે લફરૂ થઇ ગયું હતું. પતિ પોતાની પત્નિને તેણીના પ્રેમી સાથે કઢંગી હાલતમાં પણ જોઇ ગયો હતો. આ પછી પણ લાજવાને બદલે પત્નિ ગાજતી હોય તેમ ઝઘડો કરી પોતાના માવતરે જતી રહી હતી. આથી દુઃખી થઇ ગયેલા પતિએ લટકીને મોત મેળવી લીધુ હતું. એક તબક્કે તો આ યુવાનના માવતર પક્ષે આક્ષેપ કર્યો હતો કે અમારા દિકરાને મારીને લટકાવી દેવાયો છે.

વિગતો પર નજર કીરએ તો આઘટના સુરતમાં સચિન જીઆઇડીસી ખાતે બની છે. એક સંતાનના પિતાએ ઘરમાં ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પતિએ પત્નિને પ્રેમી સાથે કઢંગી હાલતમાં જોઈ ગયો હતો. પત્નીના આડા સંબંધને લઈ દંપતિ વચ્ચે થયેલા ઝઘડામાં પત્ની પિયરમાં જતી રહી હતી. બાદમાં પતિએ આપઘાતનું પગલું ભર્યું હોવાનું પરિવારે જણાવ્યું હતું. આ સાથે આક્ષેપ કરતા જણાવ્યું હતું કે મારીને લટકાવી દેવાયો છે. પોલીસ સુત્રોએ જણાવ્યા મુજબ મુળ ઉત્તરપ્રદેશ પ્રતાપગઢના વતની અને હાલ સચિન જીઆઇડીસી ખાતે મહાદેવ મંદિરની પાછળ આવેલ એક મકાનમાં ૨૫ વર્ષીય યુવક પત્નિ તેમજ એક પુત્ર સહિતના પરિવાર સાથે રહેતો હતો અને એમ્બ્રોડરીના કારખાનામાં કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતો હતો.

દરમિયાન રાત્રે યુવકે ઘરમાં પંખા સાથે દોરી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. મૃતક યુવકના સંબંધીએ જણાવ્યું હતું કે દસેક દિવસ પહેલા પત્નીને તેના પ્રેમી સાથે કઢંગી હાલતમાં યુવક જોઈ ગયો હતો. જે વાતને લઈ દંપતી વચ્ચે ઝઘડો થયો હતો. જેથી પત્નિ ઝઘડો કરીને રિસાઈને પિયરમાં જતી રહી હતી. બાદમાં યુવકે અંતિમ પગલું ભર્યું હોવાનું બહાર આવ્યું હતું. આ અંગે ડાણપૂર્વકની તપાસ સચિન જીઆઇડીસી પોલીસે હાથ ધરી હતી. મૃતકના સંબંધીએ આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, શંકા એટલા માટે છે કે એક-બે મહિનાથી કોઈ પારિવારિક વિવાદ ચાલતો હતો, પણ અમને એની કોઈ જાણકારી નહોતી.

પૂછપરછમાં જાણવા મળ્યું કે તેની પત્નિને કોઈ બીજા છોકરા સાથે સંબંધ હતો. એક દિવસ છોકરાએ તેને રંગેહાથે પકડી પાડી હતી. પકડાયા પછી કદાચ છોકરા કે પત્ની સાથે મારામારી થઈ હશે. એ પછી તે પત્ની કોઈ પરિચિત સાથે ગામ જતી રહી. વધુમાં જણાવ્યું હતું કે દસ દિવસ પછી સમાચાર આવ્યા કે પંખે લટકેલી હાલતમાં તેની લાશ મળી છે. લાશ જમીનને અડેલી હતી. અમને બે દિવસ પછી ખબર પડી. બોડી જે રીતે લટકી રહી છે તે રીતે માર મારીને ફાંસીએ લટકાવી દીધી હોય તેવી શંકા છે. અમારી માંગ એ જ છે કે પોલીસ અને ઉચ્ચ અધિકારીઓ આ મામલે ડી તપાસ કરે અને જે પણ દોષિત હોય તેમની સામે કડકમાં કડક કાર્યવાહી કરે. આ ઘટનાએ વધુ એક વખત દામ્પત્ય જીવનમાં દગાખોરી કરી આડાસંબંધોમાં આંધળાભીંત થઇ જનારા પતિ કે પત્નિ માટે લાલબત્તી ધરી છે.

બીજી એક ઘટનામાં સુરતના રાંદેર વિસ્તારમાં આવેલી જનની ગાયનેક હોસ્પિટલમાં સિનિયર નર્સે આપઘાત કરી લીધો હતો. ડ્યુટીનો સમય તૈયાર કરવા બાબતે સાથી મિત્ર સાથે ઝગડો થતા હેડ નર્સે ઓપરેશન થિયેટરમાં જઈને ફોર્મોલીન નામનું કેમિકલ પી આપઘાત કરી લીધો હતો. હેડ નર્સના આપઘાતના પગલે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે. સુરતના પાલ વિસ્તારમાં સુડા આવાસમાં પિસ્તાલીસ વર્ષીય અમિષાબેન હેમંતભાઈ શર્મા એક પુત્રી સાથે રહેતી હતી. અમિષાબેનના પતિનું અવસાન થઈ ગયું છે. જ્યાં છેલ્લા સાડા ત્રણ વર્ષથી રાંદેર મોરા ભાગળ ખાતે આવેલ જનની ગાયનેક હોસ્પિટલના ઓપરેશન થિયેટરમાં હેડ નર્સ તરીકે નોકરી કરતા હતા.

ઉપરાંત હોસ્પિટલના અન્ય સ્ટાફને ક્યારે કઈ ડ્યુટી આપવી તે ડ્યુટીની લિસ્ટ પણ તે જ બનાવતા હતા. અમિષાબેને ડ્યુટીની લિસ્ટ બનાવી હતી. જેમાં અમિષાબેને ડ્યુટી બરાબર નહીં બનાવી હોવાની વાતથી તેના ઈન્ટર સ્ટાફ સાથે ઝઘડો થયો હતો. તે વાતનું માઠું લાગી આવતા અમિષાબેને ઓપરેશન થિયેટરમાં જઈને ફોર્માલિન નામનું કેમિકલ પી લીધું હતું. અમિષાબેને કેમિકલ પીધા બાદ બહાર આવીને મેડિકલ પાસે અન્ય સ્ટાફ પર ખાલી બોટલ ફેંકી હતી. જેથી સ્ટાફને બનાવની જાણ થતા તેને તત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

જ્યાં ટુંકી સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. બનાવને પગલે રાંદેર પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. ફોર્માલિનએ ફોર્માલ્ડિહાઇડનું પાણી દ્રાવણ છે. ફોર્માલિન ખૂબ જ ઝેરી છે. તેનું સેવન અથવા વધુ માત્રામાં સંપર્ક ગંભીર નુકસાન પહોંચાડે છે. જેનાથી પેટમાં તીવ્ર બળતરા, ઉલટી, શ્વાસની તકલીફ, મેટાબોલિક એસિડોસિસ, કિડની ફેલ્યોર અને મૃત્યુ થઈ શકે છે. આ ઘટનાએ ચકચાર જગાવી દીધી છે.

## હિટ એન્ડ રનમાં મહિલા વીમા એજન્ટનો હાથ ભાંગ્યોઃ નંબર વગરનું ડમ્પર ભાગી ગયું

### નાગેશ્વરના બસ સ્ટોપ પાસે બનાવઃ જાગૃત નાગરિકે પાડેલા ફોટાને આધારે ગાંધીગ્રામ પોલીસની તપાસ



રાજકોટ, તા. ૫

વારંવાર બનતા વાહન અકસ્માતના બનાવો વચ્ચે વધુ એક વખત હિટ એન્ડ રનનો બનાવ બન્યો છે. જેમાં મહિલા વીમા એજન્ટનો હાથ ભાંગી ગયો હતો. શહેરના જામનગર રોડ પર નાગેશ્વર બસ સ્ટોપ પાસે હિટ એન્ડ રનની ઘટના બની હતી. આ અકસ્માતમાં બ્લોક નં. ૮૯, પ્રમુખ સ્વામિ પાર્ક, રેલનગર ખાતે રહેતા અને એલઆઇસી એજન્ટ તરીકે કામ કરતા ત્રીસ વર્ષના પુજાબેન કૃણાલભાઈ સરવૈયાને ઈજાઓ થઇ હતી.

વિગતો જોઇએ તો પુજાબેન પોતાનું એક્ટિવા નં. જીજે૦૩પીએચ-૭૧૧૮ લઈને નાગેશ્વર વિસ્તારથી પોતાના ઘરે જઈ રહ્યા હતા. આ દરમિયાન નાગેશ્વર બસ સ્ટોપ પાસે પાછળથી પૂરઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલા એક ડમ્પર ચાલકે એક્ટિવાને પાછળના ભાગે ટક્કર મારી હતી. આથી પુજાબેન એક્ટિવા સાથે રોડ પર પટકાયા હતા અને ડમ્પર ચાલક તેમને જમણી બાજુએ ઘસીને નાસી છૂટ્યો હતો. પુજાબેનને જમણા હાથની કોણીના ભાગે ફેક્ચર થઇ ગયું હતું. તેમજ જમણી આંખની ઉપર અને જમણા પગના પંજાના ભાગે પણ ઈજાઓ પહોંચી છે.

અકસ્માત બાદ રાહદારીઓએ ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરતા તેમને તાત્કાલિક સિવિલ હોસ્પિટલના ઇમરજન્સી વોર્ડમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. ઘટના સ્થળે હાજર એક જાગૃત નાગરિકે ભાગી રહેલા ડમ્પરનો ફોટો પાડી લીધો હતો. ફરિયાદમાં જણાવ્યા મુજબ, આ ડમ્પર પર પાછળના ભાગે ગુજરાતીમાં 'આહિર' લખેલું છે અને તેના પર કોઈ નંબર પ્લેટ લાગેલી નહોતી. ગાંધીગ્રામના હેડકોન્સ. મિહીરસિંહ બારડે એફઆઇઆર દાખલ કરી આરોપીને શોધવા કાર્યવાહી કરી હતી.

જેની સાથે ઘરઘરણું કર્યુ હતું એ પતિનું અવસાન થયા બાદ મહિલાએ ઘડી કાઢ્યો પ્લાન

# પતિના મૃત્યુ બાદ મિલ્કત હડપ કરવા પત્નીનો કારસો

## મવડીના ખેડુતની ફરિયાદ પરથી ત્રણ-ત્રણ નામનો ધરાવતી મહિલા સામે દાખલ થઇ ફરિયાદઃ ખેડુતના બનેવીએ વસીયત આ મહિલાના આગલા દિકરાના નામે કરી દીધી એવો બોગસ દસ્તાવેજ બની ગયોઃ નોટરી તરીકે જેનું નામ હતું એ પણ મૃત્યુ પામ્યાનું ખુલ્યુંઃ યુનિવર્સિટી પોલીસે શરૂ કરી તપાસ




રાજકોટ, તા. ૫

જર જમીન ને જોરૂ કજીયાના છોરૂ આ વાત વધુ એક વખત સાચી ઠરી છે. જેમાં ગુજરી ગયેલા પતિની મિલ્કત બારોબાર હડપ કરી લેવા એક મહિલાએ કાવત્રુ ઘડ્યું હતું. પતિના નામનું ખોટુ વસીયતનામુ ઉભુ કરી દઇ મિલ્કત પોતાના દિકરાના નામે થઇ ગઇ છે તે પ્રકારની નોટીસ મૃતક પતિના સાળાને મોકલતાં આ કાવત્રુ ખુલ્લુ પડ્યું હતું. આ મામલે યુનિવર્સિટી પોલીસે એફઆઇઆર નોંધી તપાસ શરૂ કરી હતી.

વિગતો પર નજર કરીએ તો શહેરના નાના મવા રોડ પર ગોવિંદ રત્ન બંગ્લોઝમાં રહેતી મહિલાએ બિમારીથી પતિના અવસાન બાદ પતિની મિલ્કતો હડપ કરી જવા ખોટુ વસીયતનામુ ઉભુ કરી મૃતક પતિના સાળા મવડીમાં રહેતાં મનસુખભાઇ ખાત્રાણી-પટેલને નોટીસ મોકલતાં તે ચોંકી ગયા હતાં. કેમ કે નકલી વસીયતનામામાં સહીઓ પણ મનસુખભાઇની હતી. મિલકત પચાવી પાડવા માટે આચરેલા આ કૌભાંડમાં મૃતક નોટરીના સિક્કા અને ફરિયાદી મનસુખભાઇની ખોટી સહીઓનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાનો આરોપ મુકાયો હતો. આ બનાવમાં યુનિવર્સિટી પોલીસે આ બનાવમાં મવડી ૧૫૦ ફુટ રીંગ રોડ સરદારનગર મેઇન રોડ પુનમ સોસાયટી-૨માં રહેતાં પટેલ મનસુખભાઇ માધાભાઇ ખાત્રાણી નામના બાવન વર્ષના ખેડુતની ફરિયાદ પરથી યોગી, બ્લોક નં. ૧૧, ગોવિંદ રત્ન બંગ્લોઝ, નાના મવા રોડ ખાતે રહેતી મધુબેન ઉર્ફ નિકીતાબેન ઉર્ફ અરૂણાબેન સામે એફઆઇઆર દાખલ થઇ છે.

વધુ માહિતી અનુસાર મનસુખભાઇએ જણાવ્યું હતું કે હું પરિવાર સાથે રહું છું અને લતીપર ગામે ખેતીની જમીન હોઇ ખેતી કરી ગુજરાન ચલાવુ છું. અમે બે ભાઇઓ છીએ જેમાં મોટો હું છું, મારાથી નાના કિશોરભાઇ છે. અમારે કોઇ બહેન ન હોઇ જેથી અમે મારા સગા કાકા ગણેશભાઇ હરજીભાઇ ખાત્રાણીના દિકરી મધુબેનને બહેન બનાવ્યા હતાં. આ મધુબેનનું વર્ષ ૨૦૦૮માં મૃત્યુ થઇ ચુક્યું છે. મારા પિતા પણ હયાત નથી. અમે બંને ભાઇઓ સંયુક્ત કુટુંબમાં રહીએ છીએ. કાકાના દિકરી મધુબેનન લગ્ન ૧૯૯૮માં થયા હતાં. તેમને સંતાનમાં એક દિકરી દર્શીતાનો જન્મ થયો હતો.

ત્યારપછી ૧૩/૫/૨૦૦૮માં મારા બહેન મધુબેનનું અવસાન થયું હતું. બાદમાં મારા બનેવી વિનોદભાઇ ગાંડુભાઇ ભંડેરીએ અન્ય એક મહિલા કે જેનું નામ પણ મધુબેન છે તેમજ તેણી ઉર્ફ નિકીતાબેન ઉર્ફ અરૂણાબેન તરીકે પણ ઓળખાય છે તેની સાથે રાજીખુશીથી ઘરઘરણું કર્યુ હતું. આ મહિલા તેના પહેલા લગ્ન જીવનનો એક દિકરો તિલક સાથે લાવ્યા હતાં. આ પછી મારા બહેન મધુબેનની દિકરી દર્શીતાને આ નિકીતાબેન ઉર્ફ મધુબેન ઉર્ફ અરૂણાબેન સારી રીતે સાચવતા નહોતાં. જેથી મારા કકાના દિકરા સંજયભાઇ ગણેશભાઇ ખાત્રાણીએ દર્શીતાને પાલનપોષણ માટે સાથે રાખી હતી. દર્શીતાબેન ઉમરલાયક થતાં તેના લગ્ન કરાવ્યા હતાં. જે હાલ જામનગર સાસરે છે.

આ પછી મારા બનેવી વિનોદભાઇ તા. ૧૭/૪/૨૨ના રોજ બિમારીથી અવસાન પામ્યા હતાં. બનેવી વિનોદભાઈના અવસાન બાદ મધુબેન ઉર્ફ નિકીતાબેન ઉર્ફ અરૂણાબેને મિલકત પર હકક જમાવવા માટે એક કાવતરૂ રચ્યુ હતું. ૨૦મી એપ્રિલ ૨૦૨૪ના રોજ મારા ઘરે એક નોટિસ આવી હતી. આ નોટિસમાં વર્ષ ૨૦૧૭ના એક વસીયતનામાનો ઉલ્લેખ હતો, જેમાં મારા બનેવી વિનોદભાઈએ પોતાની તમામ મિલકત તેણે જેની સાથે ઘરઘરણું કર્યુ હતું તે મધુબેન ઉર્ફ નિકીતાબેન ઉર્ફ અરૂણાબેનના દિકરા તિલકના નામે કરી દીધી હોવાનું દર્શાવ્યું હતું. મેં જ્યારે આ વસીયતનામું તપાસ્યું ત્યારે તેમાં સાક્ષી તરીકે મારા આધારકાર્ડની ઝેરોક્ષ હતી અને તેના પર મારી ખોટી સહીઓ પણ જોવા મળી હતી.


જો કે મેં ક્યારેય આવા કોઈ દસ્તાવેજમાં સહી કરી નહોતી કે કોઈને સાક્ષી તરીકે સંમતિ આપી નહોતી. કંઇક ખોટુ થયાનું જણાતાં મેં તુરત જ માલવીયા નગર પોલીસ સ્ટેશનમાં અરજી આપી હતી. જેથી તપાસનો ધમધમાટ શરૂ થયો હતો. પોલીસ તપાસમાં ચોંકાવનારી વિગત સામે આવી કે વસીયતનામા પર અમદાવાદના નોટરી અબુજરભાઈ મોઇઝભાઈ ઉજજૈનીનો સિક્કો હતો. જોકે, તપાસ દરમિયાન નોટરીના પત્નિ મહેરાજબેને જણાવ્યું હતું કે તેમના પતિનું અવસાન ૨૦૨૨માં થઈ ગયું છે અને વર્ષ ૨૦૧૭ના નોટરી રજિસ્ટરમાં આ વસીયતનામાની કોઈ એન્ટ્રી નથી.

આમ કોઈએ મૃત નોટરીના નામનો ખોટો ઉપયોગ કરી, સહી-સિક્કા કરી બનાવટી દસ્તાવેજ ઉભો કર્યો હોવાનું સ્પષ્ટ થયું હતું. આ બનાવટી વસીયતનામાને મધુબેન ઉર્ફ નિકીતાબેન ઉર્ફ અરૂણાબેને રાજકોટ સેશન્સ કોર્ટમાં પણ સાચા પુરાવા તરીકે રજૂ કર્યું હતું. પોલીસ કમિશનર કચેરીમાં કરવામાં આવેલી અરજી અને પ્રાથમિક તપાસમાં ગુનાહિત કૃત્ય જણાતાં આખરે યુનિવર્સિટી પોલીસને જાણ કરી હતી. તેમ વધુમાં મનસુખભાઇ પટેલે જણાવતાં પોલીસ ઇન્સ. એચ. એન. પટેલના માર્ગદર્શનમાં આસી સબ ઇન્સ. એમ. પી. ચરમટાએ મધુબેન ઉર્ફે નીકીતાબેન ઉર્ફ અરૂણાબેન તેમજ આ ગુનામાં સંડોવાયેલા અન્ય તમામ શખ્સો સામે દાખલ કરી તપાસ શરૂ કરી હતી. આ બનાવે ભારે ચર્ચા જગાવી છે. મિલ્કતો હડપ કરવા લોકો કેવા કેવા કાવત્રા કરતાં હોય છે તે અહિ સામે આવ્યું છે.

ટેલીગ્રામમાં મેસેજ આવ્યો, લાલચ જાગી, ખાતુ ખોલાવ્યું અને ફ્રોડ થયું

# કમાઈ લેવાની લ્હાય ૧૧ા લાખમાં પડી

## યુવાને એક ટાસ્ક પુરો કરતાં ૧૨૦૩ રુપિયા જમા થયા પછી લાખોની રકમ ટ્રાન્સફર કરીઃ સામે એક ફદીયુંય પાછુ ન મળ્યું



રાજકોટ, તા. ૫

લોકોને સાયબર ફ્રોડથી બચાવવા માટે સાયબર ક્રાઇમ પોલીસ અને સરકાર સતત પ્રયાસો કરે છે. આમ છતાં દરરોજ લાખો કરોડો રૂપિયા લોકો અલગ અલગ રીતે સાયબર ફ્રોડમાં ગુમાવી રહ્યા છે. રોકાણના નામે, ટાસ્કના નામે, યુએસ ડોલર-બીટકોઇનના નામે સતત ફ્રોડ થાય છે. રોજ લોકો છેતરાયા છે, આમ છતાં આ મામલે જાગૃકતા આવતી નથી અને વધુને વધુ નવા નવા લોકો શિકાર થાય છે. દરમિયાન એક યુવાને ટલીગ્રામ એપ્લીકેશન મારફત એકાઉન્ટ ખોલાવી ગૂગલના રીવ્યુ ટાસ્કના નામે રૂપિયા કમાવવાની લાલચમાં આવી જતાં સાડા અગીયાર લાખ ગુમાવી દીધા છે. આ પ્રકારની ઘટના વધુ એક વખત લોકોને લાલચથી દૂર રહેવા ચેતવે છે.

વિગતો જોઇએ તો આણંદના એક યુવકને અજાણ્યા ગઠિયાઓએ ટેલિગ્રામ એપ્લિકેશન મારફતે એકાઉન્ટ ઓપન કરાવી ગુગલના રિવ્યુ ટાસ્કના નામે રૂપિયા ૧૧.૪૫ લાખ ઉપરાંતનું રોકાણ કરાવી પૈસા પરત નહીં આપી છેતરપિંડી આચરી હતી. આ બનાવ અંગે આણંદ શહેર પોલીસે યુઝર આઇડીના આધારે અજાણ્યા ગઠિયાઓ વિરુદ્ધ ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી હતી. આણંદના ઈન્દિરા ગાંધી સ્ટેચ્યુ નજીક શ્રીજી સદન બંગ્લોઝ ખાતે રહેતા પાર્થ ગોવિંદ -સાદ શાહ આણંદની એક ફાઇનાન્સ બેંકમાં લોન ડિપાર્ટમેન્ટમાં લોન ઓફિસર તરીકે નોકરી કરે છે. આણંદ-વિદ્યાનગર રોડ ઉપર આવેલી કોટક મહિન્દ્રા બેન્કની શાખામાં તેઓ બેન્ક એકાઉન્ટ ધરાવે છે. તેમના મોબાઈલમાં ટેલિગ્રામ એપ્લિકેશનમાં બે અલગ અલગ યુઝર આઈડીથી ગુગલનો રીવ્યુ ટાસ્ક પૂર્ણ કરવાનો મેસેજ આવ્યો હતો.

આ મેસેજમ મુજબ ટાસ્ક પુરુ કરતાં તમને પૈસા મળશે તેમ જણાવતા પાર્થ શાહ વિશ્વાસમાં આવી ગયા હતા અને યુઝર આઇડી મોકલી આપતા અલગ અલગ ટાસ્ક આપવામાં આવ્યા હતા જે તેઓએ પૂર્ણ કર્યા હતા. બાદમાં અજાણ્યા ગઠિયાઓએ એક લિંક મોકલી એકાઉન્ટ બનાવવા માટે કહેતા પાર્થે એકાઉન્ટ બનાવ્યું હતું. ત્યારબાદ તેમના બેન્ક એકાઉન્ટમાં ટાસ્ક પૂર્ણ કરવા બદલ ૧,૨૦૩ જમા થયા હતા. બાદમાં બીજો ટાસ્ક આપી પાંચ સ્ટેપ પૂર્ણ કરવાનું કહેતા રોકાણ કરવા અંગેનો અંતિમ સ્ટેપ હોવાથી પાર્થ શાહે રૂપિયા ૪૦ હજાર ગુગલપેથી રોકાણ કર્યું હતું. બાદમાં અજાણ્યા ગઠિયાઓના કહેવા પ્રમાણે અલગ અલગ તારીખે રોકાણ કર્યું હતું. જેમાં એકાઉન્ટમાં જોતા રૂપિયા ૧૪,૨૪૮૧૧ જેટલો નફો થયો હોવાનું દેખાતું હતું.

જો કે આ પૈસા ઉપાડવા જતા તમારી ચેનલ બંધ થઈ ગઈ હોવાનું અને ચેનલ ઓપન કરવી પડશે તે માટે રૂપિયા આઠ લાખ ભરવા પડશે તેઓ મેસેજ આવ્યો હતો અને પૈસા ભર્યા બાદ જ તમે નાણાં ઉપાડી શકશો તેવો મેસેજ આવતા પાર્થ શાહને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાની શંકા ગઈ હતી જેથી તેઓએ આણંદ શહેર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા ગઠિયાઓ વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. આમ ટાસ્કના નામે વધુ એક ફ્રોડ થઇ ગયું છે. લોકોની બેદરકારી, લાલચ, જાગૃકતાનો અભાવ સાયબર ગઠીયાઓને સતત પ્રોત્સાહીત કરે છે. માત્ર પોલીસ જ જાગૃત બને તેના કરતાં લોકો પોતે પણ થોડા જાગૃત થાય તો આવા ફ્રોડથી ચોક્કસ બચી શકાય છે.

### તમે સોનાની ચેઈન પહેરી છે એમાં જ મેલી વિદ્યા કરાયેલી છે એટલે તમારા દિકરાને પેટનું દર્દ છે, તમારા ઘરમાં શાંતિ નથી

# વિધીના નામે ઢોંગી મહિલાએ યુવાનના લાખો પડાવ્યા

## શાકભાજીના ધંધાર્થીને છેલ્લે છેતરાઇ ગયાની ખબર પડતાં પોલીસને જાણ કરીઃ પોલીસે દશામાના નામે ફ્રોડ આચરતી મહિલાને પકડીઃ વધુ ભેદ ખુલવાની આશા

રાજકોટ, તા.૫

વિજ્ઞાન અને એઆઇના યુગમાં પણ લોકો ધર્મના નામે થઇ રહેલા ધતીંગમાં ફસાઇ જતાં હોય છે અને નાણા ગુમાવી દેતાં હોય છે. ઠગાઇની વધુ એક ચોંકાવનારી ઘટના સામે આવી છે જેમાં એક મહિલાએ માતાજીના નામે શાકભાજીના વેપારીના લાખો પડાવી લીધા છે. આ મહિલાએ પોતાને દશામા આવે છે તેવું કહી શાકભાજીના ધંધાર્થીને તમે પહેરેલા ચેઇનમાં મેલીવિદ્યા કરાયેલી છે એટલે તમારા ઘરમાં શાંતિ નથી, તમારા દિકરાને પેટની પીડા પણ આ કારણે જ થાય છે તેમ કહી વિધીના નામે ઠગાઇ કરી લીધી હતી. યુવાનને પોતે છેતરાઇ ગયાની ખબર પડતાં પોલીસને જાણ કરતાં પોલીસે આ ઠગ મહિલાની સામે કાર્યવાહી કરી ધરપકડ કરી લીધી હતી.

વિગતો પર નજર કરીએ તો અનેક એવા લેભાગુઓ હોય છે જે લોકોની ધાર્મિક શ્રધ્ધાનો ગેરફકાયદો ઉઠાવી તેઓને છેતરતા રહે છે. આવા જ એક કિસ્સામાં અંકલેશ્વરમાં શાકભાજીના વેપારીના પુત્રની પેટની પીડા દૂર કરવાના બહાને દશામાંની વિધિના નામે ૪.૪૪ લાખની છેતરપિંડી કરનાર એક મહિલાની પોલીસે ધરપકડ કરી છે. પોલીસે આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અંકલેશ્વરના ચોર્યાસી ભાગોળ ખાતે રહેતા ત્રેવીસ વર્ષીય રોહન વસાવા ત્રણ રસ્તા માર્કેટમાં શાકભાજીનો વેપાર કરે છે. રોહનની માતા જોશનાબેન નવા બોરભાઠા ખાતે રહેતા પુષ્પાબહેન કીરીટ વસાવાને છેલ્લા દસ વર્ષથી વધુ સમયથી ઓળખે છે. પુષ્પાબેનને દશામાં આવતા હોવાનો દાવો કરતા હોવાથી રોહનનું પરિવાર અવારનવાર તેમના ઘરે જતું હતું. શાકભાજીના વેપારી રોહનને છેલ્લા એક મહિનાથી પેટમાં દુખાવો થતો હતો. તે તેની બહેન અને માસી સાથે પુષ્પાબહેનના ઘરે ગયો હતો અને પોતાની તકલીફ જણાવી હતી. ત્યારે પુષ્પાબહેને તેમને મંદિરે પગે લાગી બીજા દિવસે આવવા કહ્યું હતું.



આ પછી રોહન તેની માતા, બહેન અને ભાઈ સાથે ફરી પુષ્પાબહેનના ઘરે ગયો. ત્યાં બેસતા જ આ મહિલાએ રોહને પહેરેલી સોનાની ચેઇનમાં કોઈએ મેલીવિદ્યા કરી હોવાનું કહી તે કઢાવી લીધી અને દશામાં પાસે મૂકી દીધી. બીજા દિવસે બીજી ચેઇન અને ત્યારબાદ સોનાની એક પછી એક પાંચ વીંટી પણ લઈ લીધી. આટલું જ નહીં, પુષ્પાબહેને નિલમ ફર્નિચરમાંથી રૂપિયા પંદર હજારનો બેડ બજાજ ફાઇનાન્સ કાર્ડ પર લીધો અને વિધિના નામે રોકડા વીસ હજાર પણ વિશ્વાસમાં લઈ પડાવી લીધા હતા. આમ કુલ ચાર લાખ ચુમાલીસ હજારની ઠગાઇ કરી લીધી હતી.

બાદમાં યુવાનને પોતે અંધશ્રદ્ધામાં છેતરાયો હોવાનું ભાન થતાં તેણે દશામાંના નામે લોકોને છેતરતી પુષ્પાબહેન પાસેથી સોનાની બે ચેઇન, પાંચ વીંટી, રોકડા રૂપિયા વીસ હાજર, બેડના પંદર હજાર રૂપિયા પાછા માંગ્યા. ત્યારે ઠગ મહિલા પુષ્પાબેન ધમકીઓ આપવા લાગ્યા. આખરે, અંકલેશ્વર એ ડિવિઝન પોલીસ મથકે મેલીવિદ્યાના નામે ઠગાઈ અંગે ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

પોલીસે દશામાંના નામે લૂંટ કરનાર મહિલાની ધરપકડ કરી તેની વધુ પુછતાછ શરૂ કરી હતી. આ મહિલાએ બીજા કેટલાક લોકોને પણ આ રીતી વિધીના નામે છેતર્યાની પોલીસને આશંકા છે. કોઇ ભોગ બન્યું હોય તો પોલીસનો સંપર્ક કરવા જણાવાયું છે. આ પ્રકારે અનેક લેભાગુઓ ગામમાં ફરતા રહે છે. જેઓ પોતે તાંત્રીક હોવાનો ઢોંગ કરતાં હોય છે અને વિધીના નામે લોકોને છેતરતા રહે છે. આવા ગઠીયાઓની જાળથી દૂર રહેવુ જરૂરી છે. અગાઉ પણ પોલીસ આવા કહેવાતા ઢોંગી બાબાઓને પકડી ચુકી છે. સૌરાષ્ટ્રમાં તો આવી આખી ગેંગ પકડાઇ હતી. જેણે અનેક ગુનાઓની કબુલાત આપી હતી.

### રાત પડતાં જ ઇન્ડસ્ટ્રીયલ એરીયામાં નીકળી પડતો, રેકી કરતો ને ચોરી કરતો

# મજૂરોના મોબાઈલ ઉઠાવતો સોનુ ઝબ્બે : ૨૧ ફોન કબ્જે

## વાવડી, લોઠડા સહિતના એરીયામાં કરી હતી ચોરીઓઃ તાલુકા પોલીસે ભીમનગર સર્કલ પાસેથી મુળ યુપીના શખ્સને દબોચી લીધોઃ તપાસમાં વધુ ભેદ ખુલવાની આશા

રાજકોટ, તા.૫

ચોરી-વાહનચોરી-ઘરફોડ ચોરીના બની રહેલા બનાવો વચ્ચે પોલીસ ગુનાઓ ઉકેલવા મહેનત કરતી રહે છે. જો કે હાલમાં જ બનેલા લાખોની ચોરીના બનાવો ઉકેલવામાં સફળતા મળી નથી. બીજી તરફ મજૂરોની રૂમોમાં ઘુસી મોબાઇલ ફોન ચોરી જવાના બની રહેલા બનાવોનો ભેદ ઉકેલી તાલુકા પોલીસે એક યુપીના શખ્સને દબોચ્યો છે. આ શખ્સ હાલ થોરાળા વિસ્તારમાં કારખાનામાં મજૂરી કરી ત્યાં જ રૂમમાં રહે છે. તે રાતે ઇન્ડસ્ટ્રીયઅલ એરીયામાં રેકી કરી મજૂરોના રૂમોમાંથી ફોન ચોરી લેતો હતો. આવા એકવીસ મોબાઇલ ફોન કબ્જે કરાયા છે.



વિગતો પર નજર કરીએ તો શહેરમાં અલગ અલગ ઇન્ડસ્ટ્રીયલ એરીયામાં રહેતાં મજુરોની ખુલ્લી રૂમોમાં પ્રવેશ કરી મોબાઇલ ફોન ચોરી જવાની ઘટનાઓ છેલ્લા કેટલાક સમયથી વધી ગઇ હતી. આવા ગુનાઓનો ભેદ તાલુકા પોલીસે ઉકેલી મુળ યુપીના ગોંડાના અને હાલ રાજકોટ ૮૦ ફુટ રોડ થારાળા ન્યુ સર્વોદય સોસાયટી-૪માં રજનીશભાઇ પટેલના કારખાનાની ઓરડીમાં રહેતાં સોનુ રોજઅલી ખાન કે જે ૨૬ વર્ષનો છે તેને પકડી લઇ રૂા. તેણે ચોરેલા ૨૧ મોબાઇલ ફોન કબ્જે કર્યા હતાં. તાજેતરમાં વાવડી ઇન્ડસ્ટ્રીયલ એરીયામાં ફાલ્કન પંપ નજીક આવેલા કારખાનાની ઓરડીઓમાં સુતેલા મજૂરોના સાત મોબાઇલ ફોન ચોરાઇ ગયા હતાં. આ ઉપરાંત અઠવાડીયા પહેલા લોઠડા ઇન્ડસ્ટ્રીયઅલ એરીયામાં પણ કારખાનાની રૂમમમાં સુતેલા મજૂરોના મોબાઇલ ફોન પણ ચોરાઇ ગયા હતાં.

મજૂરોના મોબાઇલ ફોન ચોરાઇ જવાના આ કિસ્સાઓમાં તાલુકા અને આજીડેમ પોલીસે ગુના દાખલ કરી તપાસ શરૂ કરી હતી. આ દરમિયાન તાલુકા પોલીસની ડી. સ્ટાફના હેડકોન્સ. અજયભાઇ ભુંડીયા, અક્ષયભાઇ નાથાણી, કોન્સ. ઉગાભાઇ બાળા અને કોન્સ. મોનીકાબેન ભુવાને બાતમી મળી હતી કે નાના મવા રોડ ભીમનગર સર્કલ પાસે શનીવારી બજારમાં મચ્છી માર્કેટ રોડના પુલ પાસે એક શખ્સ શંકાસ્પદ મોબાઇલ ફોન વેંચવા આવ્યો છે. આ બાતમી પરથી શખ્સને સકંજામાં લઇ તપાસ કરતાં તેની પાસેથી અલગ અલગ મોબાઇલ ફોન મળી આવ્યા હતાં. પુછતાછમાં પોતાનું નામ સોનુ ખાન જણાવ્યું હતું.

પોલીસે તેની પાસે રહેલા વીવો, નોકીયા, વન પ્લસ, નથીંગ, રીયલમી, રેડમી, ઓપ્પો, ઇન્ફીનીક્સ, સેમસંગ, આઇટેલ, લીનોવો સહિતની કંપનીના ૪ હજારથી માંડી ૨૦ હજારની કિંમત સુધીના મોબાઇલ ફોન મળી આવ્યા હતાં. આ ફોન બાબતે પૃછા થતાં સોનુએ પહેલા તો ગોળગોળ વાતો કરી હતી. પણ પોલીસ આકરી બનતાં તેણે વાવડી અને લોઠડા ઇન્ડસ્ટ્રીયલ એરીયાના કારખાનાના રૂમોમાં સુતેલા મજૂરોના ફોન ચોરી લીધાનું કબુલ્યું હતું. આ ઉપરાંત કોઇ રોડ પર સુતા હોય અને ફોન હોય તો તે પણ ચોરી લેતો હતો. આ શખ્સ કારખાનામાં મજૂરી કરે છે. રાતે તે અલગ અલગ ઇન્ડસ્ટ્રીયલ એરીયામાં રેકી કરે છે અને જે મજૂરો રૂમના દરવાજા ખુલ્લા રાખી સુતા હોય તેમાં ઘુસી જઇ મોબાઇલ ચોરી લેતો હતો. તાલુકા પોલીસે અપીલ કરી છે કે રાત્રીના સમયે કામ ચાલુ હોય તયારે કારખાનાના શટરો ખુલ્લા રાખવા નહિ, તેમજ કારખાનાના મજૂરો જે રૂમ-ઓરડીમાં સુતા હોય તેના દરવાજા પણ રાતે બંધ રાખવા.

ડીટેક્શનની આ કામગીરી પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી રાકેશે દેસાઇ, એસીપી બી. જે. ચૌધરીની સુચના અંતર્ગત તાલુકા પોલીસ સ્ટેશનના ઇન્સપેક્ટર ડી. એમ. હરિપરા, પીએસઆઇ બી. આર. ભરવાડ, હેડકોન્સ. કૌશેન્દ્રસિંહ ઝાલા, અજયભાઇ ભુંડીયા, અક્ષયભાઇ નાથાણી, કોન્સ. મુકેશભાઇ ડાંગર, બળભદ્રસિંહ જાડેજા, ભીખુભાઇ મૈયડ, જયપાલસિંહ સરવૈયા, ઉગાભાઇ બાળા, મયુરસિંહ જાડેજા, કુલદિપસિંહ જાડેજા, નિકુંજભાઇ મારવીયા, કોન્સ. મોનીકાબેન ભુવાએ આ કામગીરી કરી હતી. તાલુકા પોલીસ ગુનાની તપાસમાં આ શખ્સની ધરપકડ કરી કાર્યવાહી કરી લે પછી આજીડેમ પોલીસ કબ્જો મેળવશે. આ શખ્સની પુછતાછમાં વધુ ચોરીના ભેદ ખુલવાની પણ શક્યતા છે.

# આંતર જીલ્લા તસ્કર ત્રિપુટીને દબોચતી રૂરલ LCB

## રાજકોટ ગ્રામ્ય પંથકને ધમરોળનારા અગાઉ પણ સંડોવાયા હતાં ગંભીર ગુનામાં : ત્રણ તસ્કરોએ ચાર ગામોમાં કર્યો હતો ધોળા દિવસે હાથફેરોઃ પાંચ લાખનો મુદ્દામાલ કબ્જેઃ ઇન્સ. વી. વી. ઓડેદરા અને ટીમને સફળતા

રાજકોટ, તા.૫

શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં રોજબરોજ ઘરફોડ ચોરીના બનાવો બનતા રહે છે. દરમિયાન રાજકોટ જીલ્લાના વિંછીયા, બાબરા, ઢસા તથા ધંધુધા પંથકમાં ધોળા દિવસે બંધ મકાનને નિશાન બનાવતી તસ્કર ત્રિપુટીને ઝડપી લેવામાં રાજકોટ રૂરલ એલસીબીની ટીમને સફળતા મળી છે. ચાર ગામોમાં આ ચોર ત્રિપુટીએ ધોળા દિવસે ચોરીઓ કરી હતી. તેની પાસેથી લાખોનો મુદ્દામાલ કબ્જે કરાયો છે.



રાજકોટ ગ્રામ્ય જિલ્લાના પોલીસ અધિક્ષક વિજય સિંહ ગુર્જર દ્વારા જિલ્લામાં વણશોધાયેલ ચોરી, લુંટ, ધાડના ગુનાઓ સત્વરે શોધી કાઢી આરોપીઓને પકડી પાડવા સુચના અને માર્ગદર્શન આપવામાં આવેલ હોય જે અન્વયે રાજકોટ ગ્રામ્ય એલ. સી.બી.ના પોલીસ ઇન્સ્પેક્ટર વી.વી. ઓડેદરાના માર્ગદર્શન હેઠળ એલ. સી.બી. રાજકોટ ગ્રામ્યના પોલીસ સબ ઇન્સ્પેકટર એચ.સી.ગોહીલ તથા પોલીસ સબ ઇન્સ્પેકટર આર. વી.ભીમાણી સ્ટાફ સાથે ગુનાની તપાસમાં હતા. જે દરમ્યાન વિંછીયા પો.સ્ટે.ના વણશોધાયેલ ઘરફોડ ચોરીનો ગુનો શોધી કાઢવા બનાવ સ્થળ આજુબાજુના તેમજ હાઇવે રોડ પર વોચ રખાઇ હતી.

એ દરમિયાન સીસીટીવ ફૂટેજ, ટેકનીકલ સોર્સનો ઉપયોગ કરી તપાસ કરવામાં આવતી હોઇ માહિતી પરથી વિછીયાના મોઢુકાના બસ સ્ટેશનેથી ત્રણ શખ્સને પકડી લીધા હતાં. પોલીસ દ્વારા પકડાયેલા આરોપીઓમાં ભરત ઉર્ફે પથુ મનુભાઇ વાઘેલા (રહે. નવાણીયા, ભાવનગર), મુકેશ ઉર્ફે કાબલી રમેશભાઇ સોલંકી (રહે. ચોગઠ, ભાવનગર) અને રાજેશભાઇ ભુપતભાઇ પરમાર (રહે. નાની પાણીયાળી, ભાવનગર) નો સમાવેશ થાય છે. આ ટોળકીમાં સામેલ અન્ય એક આરોપી સંજય ઉર્ફે સી.જે. મનુભાઇ વાઘેલા હાલ ફરાર છે. જેને પકડવા માટે કાર્યવાહી ગતિમાન છે. આ આરોપીઓ દિવસના સમયે બંધ મકાનોના તાળા તોડી ઘરફોડ ચોરી આચરવાની કબૂલાત કરી છે.

પકડાયેલા આરોપીઓ પાસેથી પોલીસે કુલ રૂ. ૫,૦૪,૬૦૦ ની કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો છે. જેમાં અંદાજે ૫૩ ગ્રામ ૮૮૦ મિલીગ્રામ સોનાનો ઢાળીયો તથા ટુકડો કિંમત રૂ. ૨,૬૯,૩૫૦, રોકડા રૂ. ૧,૩૦,૦૦૦, ચોરી કરવા માટે ઉપયોગમાં લેવાયેલ પાનુ, ડિસમિસ અને કટર જેવા સાધનો, બે મોબાઈલ ફોન અને એક મોટર સાયકલનો સમાવેશ થાય છે. આ ટોળકીએ વિંછીયા, બાબરાના નાની કુંડળ, ધંધુકાના પંથકના તેમજ ઢસાના સીતાપર અને લીંબડીયા ગામે કરેલી ચોરીઓની વિગતો પણ પોલીસ સમક્ષ સ્વીકારી છે. આરોપીઓનો ગુનાહિત ઇતિહાસ તપાસતા જાણવા મળ્યું છે કે તેઓ રીઢા ગુનેગારો છે. ભરત ઉર્ફે પથુ વિરુદ્ધ અગાઉ રાજકોટ ગ્રામ્ય, બોટાદ, ભાવનગર, ગીર સોમનાથ, અમરેલી અને જુનાગઢ જિલ્લામાં ૨૨ જેટલા ગુનાઓ નોંધાયેલા છે.

જ્યારે મુકેશ ઉર્ફે કાબલી વિરુદ્ધ ચોરી અને પશુ ક્રૂરતા સહિતના ૨૬ ગુનાઓ અને રાજેશભાઇ વિરુદ્ધ દારૂબંધી તેમજ જાહેરનામા ભંગના ૧૧ ગુનાઓ નોંધાયેલા છે. આ સમગ્ર કામગીરીમાં એલસીબીના પી.આઈ. ઓડેદરા, પી.એસ.આઈ. ગોહીલ, પી.એસ.આઈ. ભીમાણી સહિતના સ્ટાફના સભ્યો આ ડીટેક્શનની કામગીરીમાં જોડાયા હતાં.

### ઈન્દિરા સર્કલ નજીક બાંધકામની સાઇટ પર કરૂણ દુર્ઘટના

# સાતમા માળેથી પટકાતા મવડીના આધેડનું મોત

રાજકોટ, તા.૫

આકસ્મિક મૃત્યુના એક બનાવમાં પરિવારે આધારસ્તંભ ગુમાવી દીધો છે. મવડી વિસ્તારમાં રહેતાં આધેડ ઇન્દિરા સર્કલ નજીક બાંધકામની સાઇટ પર સેન્ટીંગ કામ કરતાં હતાં તે વખતે સાતમા માળેથી પડી જતાં મોત થઇ ગયું હતું.

વધુ માહિતી અનુસાર મવડીના ૮૦ ફુટ રોડ આવેલી પ્રીયદર્શની સોસાયટીમાં રહેતાં હસમુખભાઇ શામજીભાઇ ભરડવા નામના છેતાલીસ વર્ષના આધેડ સવારે પોણા દસેક વાગ્યે ઇન્દિરા સર્કલ રોયલ પાર્ક નજીક પરમભાઇની સાઇટ પર હતાં ત્યારે સાતમા માળે સેન્ટીંગ કામ કરતી વખતે પડી જતાં ગંભીર ઇજા થઇ હતી. તેમને લોહીલુહાણ અને બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ તબિબે તેમને મૃત જાહેર કર્યા હતાં. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના એએસઆઇ જે. એલ. બાળાએ જરૂરી કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર હસમુખભાઇ ભરડવા ત્રણ ભાઇમાં મોટા હતાં. સંતાનમાં ત્રણ દિકરા છે. સેન્ટીંગ કામ કરી ગુજરાન ચલાવતાં હતાં. ઘટનાને પગલે બાંધકામ સાઇટ પરના અન્ય મજૂરોમાં પણ ગમગીની વ્યાપી ગઇ હતી. પોલીસે આ ઘટના કઇ રીતે બની? તે જાણવા ઘટના સ્થળે પણ પહોંચી પંચનામુ કરી મજૂરો સહિતના નિવેદન નોંધવા તજવીજ કરી હતી.

### સોચિશલ મિડીયાથી સંપર્ક કરી વાતો કરી, ટ્રેડીંગમાં માસ્ટરી છે રોકાણ કરો તો રૂપિયાવાળા બનાવી દઇશ કહી જાળમાં ફસાવ્યા

# દિયાએ લાલચ દીધી ને વેપારીએ ગુમાવ્યા ૨૪ લાખ

## ફોરેક્સ ટ્રેડીંગમાં રોકાણ કરતાં વેપારીને શરૂઆતમાં નફો થયો પણ પછી લાખોનો ડામ આવ્યો

રાજકોટ, તા. ૫

સાયબર ફ્રોડના બનાવો રોજબરોજ સામે આવતા રહે છે. રોકાણ ઉપર મોટો નફો આપવાની લાલચ દઇને છેતરપીંડી કરતાં ગઠીયાઓ એક પણ દિવસ ખાલી જવા દેતાં નથી. રોજ કોઇને ને કોઇને આવા ગઠીયાઓ પોતાની જાળમાં ફસાવે છે. વધુ એક વેપારી છેતરાઇ ગયા છે. સોચિશલ મિડીયા વ્હોટ્સએપ પર વેપારીનો દિવ્યા નામની યુવતિએ સંપર્ક કરી વાતો કરી પોતે ફોરેક્સ ટ્રેડીંગમાં માસ્ટરી ધરાવે છે, રોકાણ કરતો તો રૂપિયાવાળા બનાવી દઇશ તેમ કહી વેપારીને ફસાવી ચોવીસ લાખ પડાવી લીધા હતાં.

વિગતો પર નજર કરીએ તો ચાંદખેડા વિસ્તારમાં રહેતા એક વેપારી સાથે છેતરપિંડી આચરવામાં આવી છે. વેપારીને વૉટ્સએપ પર મેસેજ કરીને દિવ્યા શર્મા નામની યુવતીએ પોતાની ફોરેક્સ ટ્રેડિંગમાં એક્સપર્ટ હોવાની ઓળખ આપી હતી. જે બાદ વેપારી સાથે થોડો સમય વાતચીત કરીને ફોરેસ્ટ ટ્રેડિંગમાં રોકાણ કરી સારું કમાવવાની લાલચ આપી હતી. સારા નફાની લાલચ આપીને વેપારી પાસેથી ૨૪.૬૪ લાખ રૂપિયા ટ્રાન્સફર કરાવવામાં આવ્યા હતા. જે બાદ એક પણ રૂપિયાનું -ોફીટ આપવામાં આવ્યો નહીં. જેથી વેપારીએ તપાસ કરતા છેતરપિંડી આચરી હોવાનું સામે આવતા વેપારીએ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

પોલીસ સુચત્રોએ જણાવ્યા મુજબ ચાંદખેડા વિસ્તારમાં રહેતા સુડતાલીસ વર્ષીય વેપારી છેતરપિંડીનો ભોગ બન્યા છે. જુલાઈ મહિનામાં ટેલીગ્રામ આઈડી અને વ્હોટસએપ નંબર પરથી દિવ્યા શર્મા નામની વ્યક્તિએ વેપારીને મેસેજ કર્યો હતો. ફોરેક્સ ટ્રેડિંગમાં પોતે એક્સપર્ટ હોવાની ઓળખ આપી હતી. તેમજ ફોરેક્સ ટ્રેડિંગ કરશો તો સારો પ્રોફિટ કરાવી આપવાની લોભામણી લાલચ વેપારીને આપવામાં આવી હતી. તેમજ -ોફિટ મળ્યા બાદ તેમાંથી ૫૦ ટકા નફામાં ભાગ આપવાની વાત પણ કરવામાં આવી હતી.



આ પછી દિવ્યા શર્મા નામની વ્યક્તિએ વેપારી સાથે થોડા દિવસ સુધી વાતચીત કરી નફાની લાલચ આપી રોકાણ કરવા મજબૂર કર્યા હતા. વેપારીએ વિશ્વાસ રાખી શેર માર્કેટમાં ફોરેક્સ ટ્રેડિંગ કરવા તૈયારી દર્શાવી હતી. જે બાદ વેપારીને ટેલિગ્રામ આઈડી પર એક લિંક મોકલી તેમાં આઈડી પાસવર્ડ એડ કરાવવામાં આવ્યો હતો. ગો માર્કેટ નામની એપ્લિકેશનમાં પાનકાર્ડ અને આધાર કાર્ડની વિગતો પણ એડ કરાવવામાં આવી હતી. જે બાદ વેપારીઓ પાસે અલગ અલગ બેન્ક એકાઉન્ટની વિગતો માંગવામાં આવી હતી.

ત્યારબાદ વેપારી જ્યારે ગો માર્કેટમાં રૂપિયા ટ્રાન્સફર કરતા હતા ત્યારે એપ્લિકેશનમાં રૂપિયામાંથી ડોલરમાં કન્વર્ટ થયા હોવાનું બતાવવામાં આવતું હતું. વેપારીએ દિવ્યા શર્મા નામની યુવતી પર વિશ્વાસ રાખી ઓગસ્ટ મહિનામાં ૪૯ હજાર રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. જે બાદ વેપારીએ રોજના ૨૦ ડોલર ટ્રાન્સફર કરાવી ૧૬૦૦ રૂપિયા ડોપિઝિટ કરવામાં આવ્યા હતા. આ પછી ટ્રેડિંગમાં નફો કરાવવાની લોભામણી લાલચ આપી કુલ ૨૪.૬૪ લાખ રૂપિયાનું શેર માર્કેટમાં ફોરેક્સ ટ્રેડિંગમાં રોકાણ કરાવી પ્રોફિટના રૂપિયા દિવ્યા શર્મા નામની યુવતીએ પરત કર્યા નહીં.

જેથી વેપારીને શંકા જતા તપાસ કરતા છેતરપિંડી થઈ હોવાનું સામે આવ્યું હતું. જેથી વેપારીએ ૨૪.૬૪ લાખની છેતરપિંડીની સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આમ વધુ એક વખત સોશિયલ મિડીયાના માધ્યમનો ઉપયોગ કરી રોકાણ પર નફાની લાલચ આપી લાખોની ઠગાઇ કરી લેવામાં આવી હતી. લાલચ હમેંશા માણસને લઇ ડુબે છે. આવી ઠગાઇ અવાર-નવાર થાય છે. આમ છતાં લોકો જાગૃત નથી થતાં તેનો સાયબર ગઠીયાઓ ભરપુર ફાયદો ઉઠાવી રહ્યા છે. તેનો પુરાવો આ વધુ એક ઘટના પરથી મળી રહ્યો છે.

### નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી રાજકોટમાં

# વાઈબ્રન્ટ રિજનલ કોન્ફરન્સ ઉદ્યોગો માટે નવા યુગનું પ્રવેશદ્વાર

## નાયબ મુખ્યમંત્રી હસ્તે ૧૦,૪૩૫ ઉદ્યોગ સાહસિકોને ૯૫૬.૫૧ કરોડની પ્રોત્સાહક સહાય, ૧૩૭ ઉદ્યોગકારોને ૬૭૧ કરોડથી વધુના મંજૂરીપત્રો એનાયત





રાજકોટ, તા. ૫

રાજકોટ ખાતે આયોજિત તમારી વાઈબ્રન્ટ રિજનલ કોન્ફરન્સ શરૂ થવાના હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે તૈયારીઓના ધમધમાટ ચાલી રહ્યો છે. આ પ્રસંગે જિલ્લા સ્થળ ઉપર ચાલતા વિવિધ કાર્યક્રમો તથા મુખ્ય કાર્યક્રમની તૈયારીઓની સમીક્ષા કરવા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી રાજકોટ આવી પહોંચ્યા હતા જ્યાં તેઓએ વિવિધ એસોસિએશન ઔદ્યોગિક એકમોના સંચાલકો સાથે રૂબરૂ વાતચીત કરી તેમના પ્રશ્નોનું નિવારણ લાવવા માટેના તમામ પ્રયત્નો હાથ ધર્યા હતા એટલું જ નહીં તેઓ જણાવ્યું હતું કે આ વાઈબ્રન્ટ કોન્ફરન્સ માત્ર કોન્ફરન્સ જ નહીં પરંતુ સૌરાષ્ટ્ર કચ્છ માટે વિકાસનો પ્રવેશદ્વાર સાબિત થશે ત્યારે ઉદ્યોગકારોને પડતી મુશ્કેલી નો નિવારણ લાવવા માટે પણ આ કોન્ફરન્સ ખૂબ મહત્વની છે.

નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ ગઈકાલે રાજકોટ ખાતે સૌરાષ્ટ્ર-કચ્છના અગ્રણી ઉદ્યોગકારો સાથે સંવાદ કર્યો હતો. જેમાં તેમણે રાજ્યના સર્વાંગી વિકાસના હેતુસર મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર હંમેશા ઉદ્યોગોની સાથે ઊભી હોવાની ખાતરી આપી હતી. નાયબ મુખ્યમંત્રી આ તકે વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ જેવા પ્લેટફોર્મ થકી રાજ્યમાં રોકાણ વધારવા અને ગુજરાતના વિકાસને પાંખો આપવા ઉદ્યોગકારોને આહવાન કર્યું હતું.

આ અવસરે નાયબ મુખ્યમંત્રીના હસ્તે ૧૦,૪૩૫ ઉદ્યોગ સાહસિકોને ૯૫૬.૫૧ કરોડની પ્રોત્સાહક સહાય વિતરણ તેમજ ઉદ્યોગ વિભાગની વિવિધ યોજના હેઠળ ૧૩૭ ઉદ્યોગોને રૂ. ૬૭૧ કરોડથી વધુના મંજૂરીપત્રોના વિતરણ કરવામાં આવ્યા હતા. રાજકોટ જિલ્લા ક્લેક્ટર કચેરી ખાતે સંવાદ કાર્યક્રમમાં હર્ષભાઈ સંઘવીએ ઉદ્યોગકારોને સંબોધતા કહ્યું હતું કે, રાજ્યના ઉદ્યોગકારો સાહસ અને રોકાણ કરીને હજારો, લાખો યુવાનોના સપના સાકાર કરે છે, ત્યારે રાજ્ય સરકાર પણ ઉદ્યોગકારોના પ્રશ્નો હલ કરીને, તેઓ સરળતાથી રોકાણ, ઉત્પાદન કરીને ઉદ્યોગ ધંધાનો વિકાસ કરી શકે તે દિશામાં આગવા અભિગમ સાથે પ્રયત્નશીલ છે.

તેમણે કહ્યું હતું કે, રાજકોટ એ ગુજરાતનું ગ્રોથ એન્જિન છે જ. રાજકોટ હાલ રોકાણ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિતના મુદ્દે રોકેટ ગતિએ ઊડી રહ્યું છે. આગામી દિવસોમાં વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ રાજકોટમાં થવા જઈ રહી છે અને ૧૧મી જાન્યુઆરીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તેનો પ્રારંભ કરાવવાના છે. આ કોન્ફરન્સથી રાજકોટ અને સૌરાષ્ટ્ર-કચ્છના ઉદ્યોગોને બહુ મોટું પ્લેટફોર્મ અને બુસ્ટ મળશે.

નાના ઉદ્યોગોના વિકાસ માટે સરકાર દ્વારા થઈ રહેલી પ્રક્રિયાઓનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે, એમ.એસ.એમ.ઈ.નો વિકાસમાં મહત્વનો ફાળો હોય છે. આથી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર આ સેક્ટરને બુસ્ટ કરવા પ્રયાસ કરી રહી છે. આ માટે વહીવટી તેમજ કાગળ પરની પ્રક્રિયાઓ સરળ બનાવીને ઉદ્યોગોના પ્રશ્નોના નિકાલ કરવામાં આવી રહ્યા છે.

ઉદ્યોગોના હિત માટે રાજ્યના ઉદ્યોગ વિભાગ દ્વારા થઈ રહેલી કામગીરીને બિરદાવતા તેમણે કહ્યું હતું કે, અગાઉ રોજ ૨૨૫ જેટલા ઉદ્યોગકારોને સબસીડી અપાતી, હવે રોજ ૪૫૦ સબસીડી મંજૂર કરાય છે અને આગામી દિવસોમાં રોજની ૭૦૦ સબસીડીની મંજૂરી સુધી પહોંચવાનો લક્ષ્યાંક છે. આ તકે તેમણે કહ્યું હતું કે, દેશમાં પહેલીવાર ખૂબ જ ટૂંકા સમયમાં રાજ્યમાં ૧૬થી વધુ જી.આઈ.ડી.સી. માટે જગ્યાની ઓળખ કરીને તેને ફાળવવાની કામગીરી મહેસૂલ વિભાગે કરી છે, જે પ્રશંસનીય છે.

આ બેઠકનો ધ્યેય સ્પષ્ટ કરતા તેમણે કહ્યું હતું કે, ઉદ્યોગકારોને તેમના પ્રશ્નો કે રજૂઆતો માટે ગાંધીનગર સુધી આવવું ના પડે, તેમના નાના મોટા પ્રશ્નોનો તત્કાલ નિકાલ કરી શકાય તે માટે સરકાર વિવિધ વિભાગો સાથે તમારે દ્વાર આવી છે. ઉદ્યોગકારો રાજ્યના લાખો યુવાનોને રોજગારી આપીને તેમના સપના સાકાર કરી રહ્યા છે ત્યારે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર એક સહયોગી તરીકે તમારી પડખે ઊભી છે, એવો વિશ્વાસ તેમણે ઉદ્યોગકારોને અપાવ્યો હતો.

આ તકે તેમણે રાજ્યની ઔદ્યોગિક નીતિ હેઠળ આજે ૧૦,૪૩૫ ઉદ્યોગ સાહસિકોને રૂપિયા ૯૫૬.૫૧ કરોડની પ્રોત્સાહક સહાય વિતરણ તેમજ ઉદ્યોગ વિભાગની ટેક્સટાઈલ, ઈન્સેન્ટિવ ટુ ઈન્ડસ્ટ્રીઝ, પર્યાવરણ, ઔદ્યોગિક માળખા વગેરે જેવી વિવિધ યોજના હેઠળ ૧૩૭ ઉદ્યોગ સાહસિકોને રૂ. ૬૭૧ કરોડના મંજૂરીપત્રોનું વિતરણ કરવાની જાહેરાત પણ કરી હતી.

ઉદ્યોગ અને ખાણ વિભાગના અધિક મુખ્ય સચિવ મમતા વર્મા દ્વારા શાબ્દિક સ્વાગત સાથે કાર્યક્રમની વિસ્તૃત રૂપરેખા રજૂ કરી હતી. જ્યારે રાજકોટ જિલ્લા કલેકટર ડો.ઓમ પ્રકાશે આભારવિધિ કરી હતી. જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, સાંસદ કેસરીદેવસિંહ ઝાલા, ધારાસભ્યો ઉદયભાઈ કાનગડ, રમેશભાઈ ટીલાળા, ડો. મહેન્દ્રભાઈ પાડલીયા, ભાનુબેન બાબરીયા, ડો. દર્શિતાબેન શાહ, દુર્લભજીભાઈ દેથરીયા, પૂર્વ સાંસદ રમેશભાઈ ધડુક, માધવભાઈ દવે સહિતના અગ્રણીઓ, મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ જયંતિ રવિ, ઉદ્યોગ કમિશનર પી.સ્વરૂપ, રેન્જ આઈ.જી. અશોક યાદવ, સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ કમિશનર સંદીપ સાંગલે, જિઓલોજી અને માઈનિંગ કમિશનર, જીઆઈડીસીના એમ.ડી. પ્રવિણા ડી.કે. , સેટલમેન્ટ કમિશનર બિજલ શાહ, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, જી.પી.સી.બી. કમિશનર, ઈન્ડેક્સબી એમ.ડી. કે.સી. સંપટ, જિલ્લા કલેકટર ડો. ઓમપ્રકાશ, જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ સહિતના વરિષ્ઠ અધિકારીશ્રીઓ તેમજ સૌરાષ્ટ્ર કચ્છના અગ્રગણ્ય ઉદ્યોગકારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

---

## આજી પાસે ૭૫ અને ન્યારી પાસે ૫૦ MLDના નવા ફિલ્ટર પ્લાન્ટ બનશે

### કોઠારીયા, વાવડી, લાલપરી, રાંદરડા, ઘંટેશ્વર, મનહરપુર, માધાપર અને એઈમ્સ વિસ્તારોને પાણી વિતરણ કરવા આયોજન




રાજકોટ, તા. ૫

મહાનગરપાલિકા દ્વારા કણકોટ પાસે સૌરાષ્ટ્રનો સૌથી મોટો ફિલ્ટર પ્લાન્ટ બનાવવા માટે ટેન્ડર મંજૂર કરવામાં આવ્યું છે ત્યારે હવે મહાનગરપાલિકા વિસ્તારમાં નવા ભળેલા વિસ્તારોને નિયમિત ૨૦ મિનિટ પાણી વિતરણ કરવા અને આગામી ૨૦ વર્ષનું આગોતરૂ આયોજન કરવા માટે આજીડેમ પાસે ૭૫ એમ એલ ડી અને ન્યારી ડેમ પાસે ૫૦ એમ એલ ડી એમ બે નવા ફિલ્ટર પ્લાન્ટ બનાવવામાં આવશે. આ માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

મહાનગરપાલિકાના સુત્રોના જણાવ્યા મુજબ, મહાનગરપાલિકા હસ્તકના અનેક ફિલ્ટર પ્લાન્ટ જુનાં અને જોખમી બની ગયાં છે. શહેરની વધતી વસ્તી અને વિસ્તારો પ્રમાણમાં વર્તમાન ફિલ્ટર પ્લાન્ટ પુરી ક્ષમતાથી ચાલી શકે તેમ નથી. આજી ડેમ પાસે આવેલો હયાત ૪૫ એમ એલ ડી નો ફિલ્ટર પ્લાન્ટ ૧૯૫૮મા બનેલો છે અને હવે તેની આવરદા પૂરી થઈ ગઈ છે. ત્યારે આ જોખમી ફિલ્ટર પ્લાન્ટ તોડીને નવો ૭૫ એમ એલ ડી નો ફિલ્ટર પ્લાન્ટ બનાવવા માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ ફિલ્ટર પ્લાન્ટ બન્યા બાદ અંદાજે ૬૫ કરોડ લીટર પાણીનો સંગ્રહ કરી શકાશે. અને મહાનગરપાલિકા વિસ્તારમાં નવા ભળેલા કોઠારીયા, વાવડી, લાલપરી રાંદરડા અને ભવિષ્યમાં મહાનગરપાલિકા વિસ્તારમાં નવા ભળી શકે તેવા નવાગામ અને આસપાસના વિસ્તારોને નિયમિત રીતે ૨૦ મિનિટ પાણી વિતરણ કરી શકાશે.

આવી જ રીતે ન્યારી ડેમ પાસે પણ ૫૦ એમ એલ ડી નો ફિલ્ટર પ્લાન્ટ બનાવવામાં આવશે. જે માટે ટુંક સમયમાં ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ ફિલ્ટર પ્લાન્ટ શરૂ થયાં બાદ ઘંટેશ્વર, મનહરપુર, માધાપર અને એઈમ્સ, નવા રીંગ રોડ, સ્માર્ટ સિટી સહિતના વિસ્તારોને પાણી વિતરણ માટે આવરી લેવામાં આવશે.


ઉલ્લેખનીય છે કે, રાજકોટમાં જે હયાત ફિલ્ટર પ્લાન્ટ છે તેની ક્ષમતા ૪૦૦ એમ એલ ડી સુધીની છે અને, મહાનગરપાલિકા દ્વારા દરરોજ ૪૧૫ થી ૪૨૦ એમ એલ ડી પાણીનું વિતરણ કરે છે.

હવે આગામી પંદર વીસ વર્ષના આયોજનને ધ્યાનમાં રાખીને આ નવા અને મોટા ફિલ્ટર પ્લાન્ટ બનાવવામાં આવશે.

---

## મોરબી રોડથી અમદાવાદ રોડને જોડતા પાંચમાં ફેઝનું ટેન્ડર પ્રસિદ્ધ

### ૯૮ કરોડનું ટેન્ડર પાડ્યું બહાર : કામગીરી ઝડપભેર પૂર્ણ કરતા એજન્સીને તાકીદ



રાજકોટ, તા. ૫

રાજ્ય સરકાર દ્વારા રાજ્યના તમામ શહેરો તથા જિલ્લા મથકોને માળખાગત સુવિધા આપવા માટેનો નિર્ધાર કર્યો છે અને તે દિશામાં જ હાલ તમામ જરૂરી પગલાઓ લેવામાં આવી રહ્યા છે ત્યારે છેલ્લા ઘણા સમયથી રાજકોટના ઘણાખરા મુખ્ય માર્ગો ના કામ યથાવત ચાલુ છે પરંતુ આજ દિન સુધી તે કાર્ય પુરા થયા નથી. મળતી માહિતી મુજબ રીંગરોડ ની બંને તરફનો રોડ નું કાર્ય હજી થયું નથી તો બીજી તરફ જામનગર રોડ થી અમદાવાદ સુધીના ફોરલેન્ડ રોડનું કામ પણ હાલ પુર જોશમાં ચાલી રહ્યું છે. તો મોરબી રોડ થી અમદાવાદ રોડ ને જોડતા પાંચમાં ફેસનું કામ શરૂ કરવા માટે રૂડાએ ૯૮ કરોડ રૂપિયાના ટેન્ડર બહાર પાડ્યા છે. મોરબી, માળીયાસાણ, અમદાવાદ રોડ ડેવલપ થયે ભવિષ્યમાં ટ્રાફિકનો પ્રશ્ન હળવો થઇ શકશે.

શહેરના નવા રીંગ રોડની મધ્યમાં માધાપર ચોકડીએ ઓવરબ્રીજ અને અંડરબ્રીજના કામ એક સાથે શરૂ થઇ ચુકયા છે. આ મોટો રીંગ રોડ ૧૫૦ ફુટનો ડેવલપ કરવાના કામ મનપા અને રૂડા દ્વારા ચાલી રહ્યા છે. ચાર વર્ષ પૂર્વે નવા રીંગ રોડને ડેવલપ કરવાના કામ હાથ પર લેવામાં આવ્યા છે.

પ્રથમ તબકકામાં જામનગર રોડથી કાલાવડ રોડ સુધીનું કામ પૂર્ણ કરાયું છે. ત્યાર બાદ જામનગર રોડથી ગોંડલ રોડ અને ગોંડલ રોડથી ભાવનગર રોડ તેમજ ભાવનગર રોડથી અમદાવાદ રોડ સુધીનું નવા રીંગ રોડનું કામ ચાલુ છે. આ રોડ પર આવતા સાત નાલાનું કામ પણ ચાલી રહ્યું છે. જામનગર રોડથી ગોંડલ રોડને જોડતા સીંગલ રોડનું ફોરલેનનું કામ મંજુર થતાં હાલ બન્ને સાઈડમાં કામ ચાલે છે.

હવે રીંગરોડ પુરો કરવા અમદાવાદ રોડથી મોરબી રોડ અને મોરબી રોડથી જામનગર રોડ સુધીનું કામ બાકી હોય રૂડાના જનરલ બોર્ડમાં રીંગ રોડ ફેઝ-૫ અમદાવાદ રોડથી મોરબી રોડને જોડતા કામના ખર્ચને મંજુરી આપવામાં આવી હતી.

અમદાવાદ રોડથી મોરબી રોડને જોડતા રીંગ રોડ-૨ના ફોરલેન કામ માટે જમીન સંપાદનની પ્રક્રિયા પૂર્ણ થવામાં છે. કપાત બાદ થયા બાદ લાઈનદોરી મુજબ ફોરલેન રોડનું કામ શરૂ કરવામાં આવશે. રૂડા દ્વારા ગઈકાલે રૂ. ૯૮.૪૫ કરોડના રોડના કામનું ટેન્ડર પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે. બીડ પ્રક્રિયા પૂર્ણ થઈ ગયા બાદ સંભવતઃ જાન્યુઆરીના અંતમાં રોડનું કામ શરૂ કરવા તંત્રનો વિચાર છે. જોકે ભાવ માન્ય રહે તે બાદ કામ અપાશે. ચાર તબકકાનું કામ પૂર્ણ થવામાં હોય પાંચમા ફેઝનું કામ દોઢ વર્ષ ચાલે તેમ છે. ત્યાર બાદ મોરબી રોડથી જામનગર રોડને જોડતા ફોરલેન રોડનું કામ અને સાથો સાથ એઈમ્સને જોડતા રોડનું બાકી રહી ગયેલું કામ પણ કરવામાં આવશે.

નવા રીંગ રોડનું કામ શરૂ થયા બાદ ડબલપટ્ટી રોડ પર અધુરૂ ડેવલપમેન્ટ હતું. હવે સ્માર્ટ સીટી અંતર્ગત તેમજ બીઆરટીએસ રૂટ માટે કાલાવડ રોડથી અટલ સરોવર સુધી બીઆરટીએસ રૂટ તૈયાર કરવાનો હોય ફોરલેન રોડ બનાવવામાં આવ્યો છે. જ્યારે થોડા સમય પહેલા બાકી રહી ગયેલા કાલાવડ રોડથી ગોંડલ રોડ સુધીના ફોરલેનનું કામ શરૂ થયું છે. હવે અમદાવાદ રોડથી મોરબી રોડ સુધીના રોડના કામમાં સીધો ફોરટ્રેક બનશે સાથે રોડ પર આવતા પુલના કામ પણ કરાશે.

દરમ્યાન રૂડા અને મનપા દ્વારા નવા રીંગ રોડને ફોરલેન બનાવવા માટેની કામગીરી શરૂ કરવામાં આવી છે. પથમ તબક્કે જામનગર રોડથી ગોંડલ રોડને જોડતા સીંગલ લેન રોડને ફોરલેનમાં રૂપાંતરિત કરવાનું કામ ચાલુ છે.હવે ગોંડલ રોડથી ભાવનગર રોડને જોડતા રોડ ઉપર આવેલ ત્રણ પુલનું કામ પૂર્ણ થઈ ગયેલ હોય ટુંક સમયમાં ભાવનગર રોડ સુધીના નવા રીંગ રોડને ફોરલેનમાં રૂપાંતરણ કરવા કાર્યવાહી શરૂ થાય તેમ છે. ત્યારે હાલ જે વિગતો મળી રહી છે તે મુજબ આ કામગીરી આગામી દિવસોમાં ઝડપથી શરૂ કરવામાં આવે અને ખાસ તે પૂર્ણ થાય સમયસર તે અંગે હાલ એજન્સીઓને પણ તાકીદ કરવામાં આવશે કારણ કે હાઈવે પરના રોડનું કામ હજુ પણ બાકી છે ત્યારે આવનારા સમયમાં આ અંગે કોઈ વધુ પ્રશ્ન ઊભા ન થાય તે માટે હાલ જે એજન્સીને કામ સોંપવામાં આવશે તેને તાકીદ કરાશે.

અત્યારે રાજકોટ શહેર વિકાસ સત્તા મંડળ હોય કે પછી મહાનગરપાલિકા આ તમામ દ્વારા હાજર રોડ રસ્તા ના કામો કરવામાં આવી રહ્યા છે તેની ગતિ ખૂબ ધીમી છે. જે વાતની ગંભીરતાને ધ્યાને લેતા હાલ માળખાગત સુવિધા વિકસાવવાના તમામ કામો ઝડપભેર કરવામાં આવે તે પ્રકારનું આયોજન હાથ ધરવામાં આવી રહ્યું છે.